સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 13

[21/03/21 to 27/03/21]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)




**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.**

**JOIN OUR WHATSAPP GROUP**
joinicerajkot.com


CONTACT US :
93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**21 MAR-2021**

- દિવસ મહિમા : 21 માર્ચ ..... 02
- કેન્દ્ર સરકાર 'આત્મનિર્ભર નિવેશક મિત્ર પોર્ટલ' લોન્ચ કરશે ..... 03
- કેન્દ્ર સરકાર દ્વારા 'મેરા રેશન' મોબાઈલ એપ લોન્ચ ..... 04
- QUESTION ANSWERS ..... 06

**22 MAR-2021**

- દિવસ મહિમા : 22 માર્ચ, વિશ્વ જળ દિવસ (World Water Day) ..... 07
- બામિયાન બુદ્ધની મૂર્તિના વિનાશની વર્ષગાંઠ પર અફઘાનિસ્તાનમાં 'એ નાઈટ વિથ બુદ્ધા કાર્યક્રમ ..... 07
- ભારતની અધ્યક્ષતામાં 'આર્થિક અને વેપારના મુદ્દાઓ પર બ્રિક્સ સંપર્ક જૂથ' ની પ્રથમ બેઠક ..... 08
- QUESTION ANSWERS ..... 10

**23 MAR-2021**

- દિવસ મહિમા : 23 માર્ચ, (1) શહીદ ભગતસિંહ પુણ્યતિથિ (2) વિશ્વ મોસમ વિજ્ઞાન દિવસ ..... 11
- 67મા નેશનલ ફિલ્મ એવોર્ડની જાહેરાત ..... 12
- શ્રી શેખ મુજીબૂર રહેમાન અને ઓમાનના પૂર્વ શાસક સુલતાન કાબુસની ગાંધી શાંતિ પુરસ્કાર 2019 અને 2020 માટે પસંદગી... 13
- QUESTION ANSWERS ..... 15

**24 MAR-2021**

- દિવસ મહિમા : 24 માર્ચ, વિશ્વ ક્ષય (ટી.બી.) દિન ..... 17
- NPCI દ્વારા 'UPI-Help'ની શરૂઆત ..... 17
- QUESTION ANSWERS ..... 19

**25 MAR-2021**

- કલ્યાણી રાફેલ એડવાન્સ સિસ્ટમ દ્વારા MRSAM મિસાઈલ્સની પ્રથમ બેચ રજૂ ..... 20
- નવા વાહનો માટેની સ્ક્રેપિંગ નીતિની લોકસભામાં રજૂઆત ..... 21
- QUESTION ANSWERS ..... 22

**26 MAR-2021**

- કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા 16 થી 31 માર્ચ દરમિયાન 'પોષણ પખવાડિયા'ની ઉજવણી ..... 23
- QUESTION ANSWERS ..... 25

**27 MAR-2021**

- દિવસ મહિમા : 27 માર્ચ, (1) વિશ્વ રંગભૂમિ દિવસ (World Theatre Day) (2) અર્થ અવર (Earth Hour) ..... 26
- રશિયાએ જાયન્ટ સ્પેસ ટેલિસ્કોપ 'બૈકલ GVD'ને બૈકલ તળાવમાં તૈનાત કર્યું ..... 26
- ઈટાલીનું ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA)માં જોડાણ ..... 27
- QUESTION ANSWERS ..... 29

**ONE LINER** ..... 30

**QUESTION OF THIS WEEK** ..... 34


INSTITUTE FOR COMPETITIVE EXAMS

**દિવસ મહિમા : 21 માર્ચ :**
(1) આંતરરાષ્ટ્રીય વન દિવસ (International Day of Forest)
(2) વિશ્વ કવિતા દિવસ (World Poetry Day)
(3) આંતરરાષ્ટ્રીય જાતિવાદી ભેદભાવ નાબૂદી દિવસ (International Day For the Elimination of Racial Discrimination)
(4) વિશ્વ ડાઉન સિન્ડ્રોમ દિવસ (World Down Syndrome Day)
(5) આંતરરાષ્ટ્રીય કલર દિવસ (International Colour Day)

## આંતરરાષ્ટ્રીય વન દિવસ

વન સંરક્ષણ વિશે જાગૃતિ લાવવાના ઉદ્દેશથી સમગ્ર વિશ્વમાં દર વર્ષે 21 માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય વન દિવસની ઉજવણી કરવામાં આવે છે.

- સંયુક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બલી દ્વારા 28 નવેમ્બર, 2012ના રોજ 21 માર્ચને આંતરરાષ્ટ્રીય વન દિવસ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.
- આ અંતર્ગત 21 માર્ચ, 2013ના રોજ સૌપ્રથમ આંતરરાષ્ટ્રીય વન દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- વર્ષ 2021ની 'આંતરરાષ્ટ્રીય વન દિવસ'ની થીમ Forest Restoration : A Path to Recovery and Well-being' છે.

**ICE FACTS :**

(1) વર્ષ 2011ને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'International Year of Forests' તરીકે જાહેર કરવામાં આવ્યું હતું.

(2) નવેમ્બર, 2005માં 'ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન' (FAO) એ જાહેર કરેલ યાદી મુજબ વિશ્વમાં દર મિનિટે 25 હેક્ટર એટલે કે 36 ફૂટબોલ મેદાન જેટલા કુદરતી વનોનો નાશ થઈ રહ્યો છે.

(3) વૈજ્ઞાનિકોના મતે ઓછામાં ઓછી 33% જમીન વનવિસ્તાર ધરાવતી હોવી જોઈએ.

## વિશ્વ કવિતા દિવસ

વિશ્વભરમાં કવિતાના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 21 માર્ચના રોજ વિશ્વ કવિતા દિવસની ઉજવણી કરવામાં આવે છે.

- વર્ષ 1999માં ફ્રાન્સના પેરીસ ખાતે યોજાયેલા યુનેસ્કોના 30માં સત્રમાં યુનેસ્કો દ્વારા 21 માર્ચના રોજ વિશ્વ કવિતા દિવસની ઉજવણી કરવાની જાહેરાત કરવામાં આવી હતી.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ રાષ્ટ્રીય, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય કવિતા ચળવળને નવી માન્યતા અને પ્રોત્સાહન આપવાનો છે.

**ICE FACTS :**

(1) UNESCOનું પૂરુંનામ 'યુનાઈટેડ નેશન્સ એજ્યુકશનલ, સાયન્ટિફીક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન' છે.

(2) 4 નવેમ્બર, 1946ના રોજ યુનેસ્કોની સ્થાપના થઈ હતી.

(3) યુનેસ્કોનું વડુંમથક 'ધ પ્લેસ દ ફોન્ટેનોય' ફ્રાન્સના પેરિસ ખાતે આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વિશ્વ ડાઉન સિન્ડ્રોમ દિવસ

દર વર્ષે **21 માર્ચ**ના રોજ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ડાઉન સિન્ડ્રોમ અંગે લોકોમાં જાગરૂકતા લાવવા માટે **વર્લ્ડ ડાઉન સિન્ડ્રોમ** દિવસની ઉજવણી કરવામાં આવે છે.

- ડાઉન સિન્ડ્રોમ એ એવી પરિસ્થિતિ છે જેમાં એક બાળક 21મા રંગસૂત્ર (Chromosome)ની સાથે જન્મ લે છે.
- આવા જન્મતા બાળકોને સમાજમાં સમાન સ્વીકૃતિ મળે એવા ઉદ્દેશથી આ દિવસની સર્વપ્રથમ ઉજવણી સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ 2012માં કરવામાં આવી હતી.
- **વર્ષ 2021**ની **'વિશ્વ ડાઉન સિન્ડ્રોમ દિવસ'** થીમ **'We Decide'** છે.
- ડાઉન સિન્ડ્રોમએ એક **આનુવંશિક રોગ** છે. જેમાં બાળક નાનું માથું, નાના કાન, ટૂંકી ડોક વગેરે જેવા વિવિધ વિકલાંગતાના લક્ષણો સાથે જન્મે છે.

## કેન્દ્ર સરકાર 'આત્મનિર્ભર નિવેશક મિત્ર પોર્ટલ' લોન્ચ કરશે

કેન્દ્રીય **વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય** દ્વારા તાજેતરમાં જણાવવામાં આવ્યું હતું કે કેન્દ્ર સરકાર સ્થાનિક રોકાણકારોને માહિતી પ્રદાન કરવા અને રોકાણને સંલગ્ન વિવિધ સુવિધાઓ પ્રદાન કરવા માટે **'આત્મનિર્ભર નિવેશક મિત્ર પોર્ટલ'** લોન્ચ કરશે.

### મુખ્ય બાબતો

- આત્મનિર્ભર નિવેશક મિત્ર પોર્ટલ હાલમાં પરીક્ષણના તબક્કામાં છે. તેમજ તે 1 મે, 2021 સુધીમાં લોન્ચ કરવામાં આવશે.
- કેન્દ્રીય મંત્રાલય આ પોર્ટલ માટેના વેબપેજ પર પણ કામ કરી રહ્યું છે. જે પ્રાદેશિક ભાષાઓ અને મોબાઈલ એપ્લિકેશનમાં ઉપલબ્ધ હશે.
- **સ્થાનિક રોકાણોને પ્રોત્સાહિત** કરવા માટે આ પોર્ટલ વિકસાવવામાં આવી રહ્યું છે.
- 'આત્મનિર્ભર નિવેશક મિત્ર પોર્ટલ'નો વિકાસ **'ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટર્નલ ટ્રેડ'** (DPIIT) દ્વારા કરવામાં આવી રહ્યો છે.

### પોર્ટલનું મહત્ત્વ

કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવતી નીતિઓ અને નવી પહેલો, મંજૂરીઓ, લાઈસન્સ, યોજનાઓ અને પ્રોત્સાહનો સહિતની અનેક બાબતો પર દૈનિક અપડેટ્સ આપવામાં આ પોર્ટલ મદદરૂપ થશે.

- આ પોર્ટલ મેન્યુફેક્ચરિંગ ક્લસ્ટરો અને જમીનની ઉપલબ્ધતાને લગતી માહિતીઓ પણ પ્રદાન કરશે.
- આ પોર્ટલ રોકાણકારોને તેમની વ્યાવસાયિક યાત્રા દરમિયાન રોકાણની તકો શોધવામાં, કાચા માલની ઉપલબ્ધતા, ભંડોળના સ્ત્રોત, તાલીમ, ટેન્ડરની માહિતી અને મેનેજમેન્ટ વગેરે બાબતો અંગે મદદરૂપ થશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### આત્મનિર્ભર નિવેશક મિત્ર પોર્ટલની મુખ્ય લાક્ષણિકતાઓ

આ પોર્ટલ કેન્દ્ર અને રાજ્ય સરકારની નીતિઓ અને નવી પહેલો વિશે દૈનિક અપડેટ્સ પ્રદાન કરશે.

- તે 'ઈન્વેસ્ટ ઈન્ડિયા'ના નિષ્ણાતો સાથે બેઠક અને ચર્ચા વિચારણા કરવામાં મદદ કરશે.
- તે સ્થાનિક રોકાણકારો માટે પૂરતી સુવિધાની ખાતરી કરશે.
- તેમાં રોકાણકારોના પ્રશ્નોના નિરાકરણ માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત એક ચેટ બોટની સુવિધા પણ ઉપલબ્ધ છે.
- MSME સમાધાન, ચેમ્પિયન્સ પોર્ટલ અને MSME સંપર્ક જેવા તમામ MSME પોર્ટલોને એક્સેસ કરવા માટે આ પોર્ટલ વન–સ્ટોપ શોપના રૂપમાં કામ કરશે.

### ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટર્નલ ટ્રેડ (DPIIT)

ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટર્નલ ટ્રેડ (DPIIT) એ મિનિસ્ટ્રી ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અંતર્ગતનો કેન્દ્રીય વિભાગ છે.

- આ વિભાગની મૂળરૂપથી સ્થાપના વર્ષ 1995માં કરવામાં આવી હતી, અને વર્ષ 2000માં ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટના મર્જ સાથે તેનું ફરીથી પુનર્ગઠન કરવામાં આવ્યું હતું.
- અગાઉના ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પોલિસી પ્રમોશન (DIPP) નું નામ ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટર્નલ ટ્રેડ (DPIIT) 27 જાન્યુઆરી, 2019ના રોજ કરવામાં આવ્યું હતું.
- ભારતમાં ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ (FDI)ના પ્રવાહને વધારવા માટે DPIIT જવાબદાર છે.
- DPIIT એ ભારતમાં યુનાઈટેડ નેશન્સ ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (UNIDO)ના કાર્યક્રમોના સંકલન અને અમલીકરણ માટે જવાબદાર કેન્દ્ર સરકારનો નોડલ વિભાગ છે.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કેન્દ્ર સરકાર દ્વારા 'મેરા રેશન' મોબાઈલ એપ લોન્ચ

તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા દેશમાં 'મેરા રેશન' મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી છે.

- આ એપ્લિકેશન દેશમાં શરૂ કરવામાં આવેલ 'વન નેશન-વન રેશનકાર્ડ' સિસ્ટમની સુવિધા માટે શરૂ કરવામાં આવી છે.

### 'મેરા રેશન' મોબાઈલ એપ

'મેરા રેશન' મોબાઈલ એપ નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર (NIC)ના સહયોગથી કેન્દ્ર સરકાર દ્વારા વિકસાવવામાં આવી છે.

- તે નેશનલ ફૂડ સિક્યુરિટી એક્ટ (NFSA)ના લાભાર્થીઓ માટે 'વન નેશન-વન રેશનકાર્ડ' સંબંધિત સેવાઓની સુવિધા માટે વિકસાવવામાં આવી છે.
- તેના અંતર્ગત સ્થળાંતર લાભાર્થીઓ, Fair Price Shop (FPS) ડીલરો અને અન્ય સંબંધિત હિતધારકોને સુવિધાઓ આપવામાં આવશે.
- આ એપ્લિકેશનની મદદથી નજીકની વાજબી કિંમતની દુકાનો (Fair Price Shop) ને ઓળખવામાં મદદ મળશે.

- આજીવિકા માટે દૂરના તેમજ નવા વિસ્તારોમાં સ્થળાંતર થતા રેશનકાર્ડ ધારકોને આ એપ્લિકેશન વડે મદદ મળશે.
- આ મોબાઈલ એપ્લિકેશન વિવિધ <u>14 ભાષાઓમાં</u> શરૂ કરવામાં આવશે. અને હાલમાં તે <u>અંગ્રેજી</u> અને <u>હિન્દી</u> ભાષામાં ઉપલબ્ધ છે.
- આ એપ્લિકેશનની મદદથી લાભાર્થીઓ સરળતાથી અનાજ હકની વિગતો, તાજેતરના વ્યવહારો વગેરે વિશે માહિતી મેળવી શકશે.
- સ્થળાંતરણ કરનારા લાભાર્થીઓ તેઓની સ્થળાંતરની વિગતો આ એપ્લિકેશનની મદદથી નોંધણી કરાવી શકે છે.

## વન નેશન-વન રેશન કાર્ડ

ભારતમાં રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષાને પ્રોત્સાહન આપવા માટે <u>'વન નેશન-વન રેશનકાર્ડ'</u> યોજના પાઈલોટ પ્રોજેક્ટ તરીકે લોન્ચ કરવામાં આવી છે.

- વન વેશન–વન રેશનકાર્ડ સિસ્ટમ નેશનલ ફૂડ સિક્યુરિટિ એક્ટ (NFSA) અને અન્ય કલ્યાણ યોજનાઓ અનુસાર લાભાર્થીઓ માટે રાશનની ઉપલબ્ધતાની ખાતરી આપે છે.
- તેના અંતર્ગત ખાસ કરીને સ્થળાંતર કામદારો અને તેમના પરિવારોને લાભ મળે છે.


ICE દ્વારા ONLINE UPLOAD
કરવામાં આવતું DAILY & WEEKLY FREE MATERIALS

www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

દિવસ મહિમા — 7:00 AM
GPSC MAINS Q & A — 11:00 AM
VOCAB — 01:00 PM
GPSC SPECIAL ARTICLE — 07:00 PM
ICE DAILY DOSE — 08:00 PM
MATHS EASY SOLUTIONS — EVERY SUNDAY 02:00 PM
ICE MAGIC — EVERY MONDAY
ICE MIRACLE — EVERY WEDNESDAY

# SUNDAY Questions

1. 'વિશ્વ કવિતા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 19 માર્ચ (B) 20 માર્ચ (C) 21 માર્ચ (D) 22 માર્ચ (C)

2. 'આંતરરાષ્ટ્રીય જાતિવાદી ભેદભાવ નાબૂદી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 21 માર્ચ (B) 22 માર્ચ (C) 23 માર્ચ (D) 24 માર્ચ (A)

3. 'વિશ્વ ડાઉન સિન્ડ્રોમ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 19 માર્ચ (B) 20 માર્ચ (C) 21 માર્ચ (D) 22 માર્ચ (C)

4. 'આંતરરાષ્ટ્રીય કલર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 19 માર્ચ (B) 20 માર્ચ (C) 21 માર્ચ (D) 22 માર્ચ (C)

5. 'આંતરરાષ્ટ્રીય વન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 19 માર્ચ (B) 20 માર્ચ (C) 21 માર્ચ (D) 22 માર્ચ (C)

6. વર્ષ 2021ની ' આંતરરાષ્ટ્રીય વન દિવસ' ની થીમ શું છે ?
(A) Forests and World Animal
(B) Forests and World Pollution
(C) Forests and World Environment
(D) Forests Restoration : A Path to Recovery and Well-being (D)

7. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા કયું વર્ષ 'International year of Forest' તરીકે જાહેર કરવામાં આવ્યું હતું ?
(A) 2011 (B) 2012 (C) 2013 (D) 2017 (A)

8. 'વિશ્વ ડાઉન સિન્ડ્રોમ' દિવસ 2021ની થીમ જણાવો ?
(A) I Decide (B) You Decide (C) We Decide (D) Everyone Decide (C)

9. 'આત્મનિર્ભર નિવેશક મિત્ર પોર્ટલ'નો વિકાસ કઈ સંસ્થા દ્વારા કરવામાં આવી રહ્યો છે ?
(A) NID (B) DPIIT (C) DRDO (D) ISRO (B)

10. નીચે આપેલા વિધાનોમાંથી સાચા વિધાનો જણાવો ?
1. ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટર્નલ ટ્રેડ (DPIIT) એ મિનિસ્ટ્રી ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અંતર્ગતનો કેન્દ્રીય વિભાગ છે.
2. DPIITની સ્થાપના મૂળ રૂપથી વર્ષ 1995માં કરવામાં આવી હતી.
3. DPIITએ ભારતમાં યુનાઈટેડ નેશન્સ ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (UNIDO)ના કાર્યક્રમોના સંકલન અને અમલીકરણ માટે જવાબદાર કેન્દ્ર સરકારનો નોડલ વિભાગ છે.
(A) 1, 2 (B) 2, 3 (C) 1, 3 (D) 1, 2, 3 (D)

11. 'મેરા રેશન' મોબાઈલ એપ કેન્દ્ર સરકાર દ્વારા કોના સહયોગથી વિકસાવવામાં આવી છે ?
(A) નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર (B) TCS
(C) ઈન્ફોસિસ (D) WIPRO (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 22 માર્ચ, વિશ્વ જળ દિવસ (World Water Day)

સમગ્ર વિશ્વમાં **શુદ્ધ પાણી**ના મહત્ત્વ અંગે જાગૃતિ ફેલાવવા માટે યુનાઈટેડ નેશન્સ દ્વારા દર વર્ષે **22 માર્ચ**ના રોજ **'વિશ્વ જળ દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો અન્ય એક હેતુ શુદ્ધ પાણીના સંસાધનોના શ્રેષ્ઠ મેનેજમેન્ટનો પણ છે.
- યુનાઈટેડ નેશન્સ દ્વારા સૌપ્રથમ વખત **22 માર્ચ, 1993**ના રોજ પ્રથમ 'વિશ્વ જળ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- વર્ષ **2021**ની 'વિશ્વ જળ દિવસ'**ની થીમ Valuing Water'** છે.
- યુનાઈટેડ નેશન્સના **સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDGs) 6** અંતર્ગત **વૈશ્વિક ચોખ્ખું પાણી, સ્વચ્છતા** તથા **હાઈજીન (WASH)** પર ભાર મૂકવામાં આવ્યો છે.

**ICE FACT :**

(1) સંયુક્ત રાષ્ટ્ર દ્વારા, ડિસેમ્બર, 1992માં દર વર્ષે 22 માર્ચના રોજ 'વિશ્વ જળ દિવસ' ઉજવવાની સ્વીકૃતિ આપવામાં આવી હતી.

## બામિયાન બુદ્ધની મૂર્તિના વિનાશની વર્ષગાંઠ પર અફઘાનિસ્તાનમાં 'એ નાઈટ વિથ બુદ્ધા' કાર્યક્રમ

તાજેતરમાં અફઘાનિસ્તાનની બામિયાન ખીણમાં બામિયાન બુદ્ધની મૂર્તિના વિનાશની વર્ષગાંઠ પર 'એ નાઈટ વિથ બુદ્ધા' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

- આ કાર્યક્રમ દરમિયાન બામિયાન બુદ્ધની મૂર્તિને 3-ડી પ્રોજેક્શનની મદદથી ફરી જીવંત કરવામાં આવી હતી.

### પૃષ્ઠભૂમિ

અફઘાનિસ્તાનની બામિયાન ખીણમાં આવેલી બામિયાન બુદ્ધની મૂર્તિ એક સમયે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમાઓમાં સ્થાન ધરાવતી હતી, તેના તાલિબાનીઓ દ્વારા નાના ટુકડાઓ કરી દેવામાં આવ્યા હતા.

### બામિયાન બુદ્ધ વિશે

બામિયાન બુદ્ધ એ ભગવાન ગૌતમ બુદ્ધની છઠ્ઠી સદીની સ્મારક પ્રતિમાઓ છે.

- આ પ્રતિમાઓને મધ્ય અફઘાનિસ્તાનની બામિયાન ખીણમાં સ્થિત ખડકમાં કોતરવામાં આવેલી છે.
- અહીં ભગવાન બુદ્ધની **બે પ્રતિમાઓ** કોતરવામાં આવેલી છે જે પૈકી **નાની** અથવા તો ખડકના **પૂર્વમાં આવેલી ભગવાન બુદ્ધ**ની પ્રતિમાની ઊંચાઈ **38 મીટરની** હતી. જ્યારે **મોટી** અથવા તો ખડકના **પશ્ચિમમાં આવેલી ભગવાન બુદ્ધ**ની **પ્રતિમાની ઊંચાઈ 55 મીટર**ની છે.
- આ મૂર્તિઓ મૂર્તિકલાની **ગાંધાર શૈલી**માં તૈયાર કરવામાં આવેલી છે.
- સ્થાનિક લોકો દ્વારા **નાની મૂર્તિને 'શમામા'** તરીકે ઓળખવામાં આવે છે જેનો અર્થ **'રાણી માતા'** થાય છે. જ્યારે **મોટી મૂર્તિને 'સાલસલ'** તરીકે ઓળખવામાં આવે છે જેનો અર્થ **'બ્રહ્માંડમાં પ્રકાશ ઝળકે છે'** થાય છે.
- UNESCO દ્વારા આ મૂર્તિઓનો **'વર્લ્ડ હેરિટેજ સાઈટ'**માં સમાવેશ કરવામાં આવ્યો છે.

## ગાંધાર મૂર્તિકલા

**યુનાની કલાના પ્રભાવથી** ભારતના **પશ્ચિમ ભાગમાં** જે નવીન મૂર્તિકલાનો ઉદય થયો તેને **'ગાંધાર શૈલી'** તરીકે ઓળખવામાં આવે છે.

- ગાંધાર શૈલીની મૂર્તિઓ મુખ્યત્વે **બૌદ્ધ ધર્મ** સાથે સંબંધિત છે.
- ગાંધાર મૂર્તિકલાના મુખ્ય કેન્દ્રો તત્કાલિન સમયે **કપિલા**, **તક્ષશિલા** અને **બામિયાન** હતા.
- આ શૈલીની મૂર્તિઓ મુખ્યત્વે **કાળા** અથવા **ભૂરા રંગ**ના પથ્થરમાંથી બનાવવામાં આવતી હોય છે.
- ગાંધાર મૂર્તિકલાના પણ બે પ્રકાર છે જે નીચે મુજબ છે.

  (1) **પ્રારંભિક ગાંધાર કલા** અને

  (2) **પરવર્તી ગાંધાર કલા**
- પ્રારંભિક ગાંધાર કલામાં મૂર્તિઓના નિર્માણ માટે **માટી**, **ચૂનાનો પથ્થર** વગેરેનો ઉપયોગ કરવામાં આવતો હતો.
- પરવર્તી ગાંધાર કલામાં મૂર્તિઓ બનાવવા માટે **પથ્થર**નો ઉપયોગ કરવામાં આવતો હતો.
- ગાંધાર મૂર્તિકલાની વિશેષતામાં તેનું નકશીકામ માનવ શરીરની રચનામાં સુંદર રચના તથા બારીકાઈ તેમજ મૂર્તિમાં કપડા ખૂબ જ પારદર્શક બનાવવામાં આવતા હતા.
- ગાંધાર મૂર્તિકલામાં ભગવાન બુદ્ધની મૂર્તિઓને ખૂબ જ સુંદર રીતે દર્શાવવામાં આવી છે.
- ગાંધાર મૂર્તિકલામાં ભગવાન બુદ્ધ ઉપરાંત અમુક દેવીઓની મૂર્તિ પણ મળી આવી છે જેમાં **રોમા દેવીની મૂર્તિ** ખૂબ જ પ્રસિદ્ધ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતની અધ્યક્ષતામાં 'આર્થિક અને વેપારના મુદ્દાઓ પર બ્રિક્સ સંપર્ક જૂથ' ની પ્રથમ બેઠક

તાજેતરમાં 9 માર્ચ થી 11 માર્ચ, 2021 દરમિયાન **ભારતની અધ્યક્ષતા**માં આર્થિક અને વેપારના મુદ્દાઓ પર બ્રિક્સ સંપર્ક જૂથની પ્રથમ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

- આ બેઠકનું આયોજન **'BRICS@15:intra BRICS Cooperation for Continuity, Consolidation and consensus'**ની થીમ અંતર્ગત કરવામાં આવ્યું હતું.
- આ બેઠકમાં BRICSના સભ્યદેશોના પ્રતિનિધિઓ એ ભાગ લીધો હતો. આ બેઠક દરમિયાન વિવિધ મુદ્દાઓ પર ચર્ચા અને પ્રસ્તાવો કરવામાં આવ્યા હતા જે નીચે મુજબ છે :
- વર્ષ 2020 દરમિયાન રશિયાની અધ્યક્ષતામાં સ્વીકારવામાં આવેલ **'Strategy for BRICS Economic Partnership 2025'**ના દસ્તાવેજની કામગીરી પર ચર્ચા આ બેઠક દરમિયાન કરવામાં આવી હતી.
- વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન **(WTO)**ના **'Trade-Related Aspects of Intellectual Property Rights' (TRIPS)** બાબતે બહુપક્ષીય વેપાર પ્રણાલી પર બ્રિક્સ દેશોના સહકાર અંગે વાતચીત થઈ હતી.
- ઈ–કોર્મસ ક્ષેત્રમાં ગ્રાહક સુરક્ષા માટેના ફ્રેમવર્કની રચના કરવામાં આવશે.
- સભ્યદેશો વચ્ચે Non-Tariff Measures રિઝોલ્યુશન મિકેનિઝમની રચના કરવામાં આવશે.
- જીનેટીક રિસોર્સિઝ અને પરંપરાગત જ્ઞાનના સંરક્ષણ માટે એક સહયોગ માળખાની રચના કરવામાં આવશે.

## ભારત BRICS દેશોનો અધ્યક્ષ

ભારત વર્ષ 2021 માટે BRICSનો અધ્યક્ષ દેશ છે. તેમજ 13માં BRICS શિખર સંમેલનનું આયોજન પણ ભારત દ્વારા કરવામાં આવશે.

- આ અગાઉ 12માં બ્રિક્સ શિખર સંમેલનનું આયોજન તાજેતરમાં 17 નવેમ્બર, 2020ના રોજ રશિયા દ્વારા કરવામાં આવ્યું હતું.
- ભારત વર્ષ 2021 દરમિયાન BRICSની <u>અધ્યક્ષતા</u> <u>BRICS@15 : Intra BRICS Coopertraion for Continuity consolidation and consensus'</u> ની થીમ અંતર્ગત કરી રહ્યું છે.
- વર્ષ <u>2012</u> અને <u>2016</u> બાદ ભારત વર્ષ 2021માં <u>ત્રીજી વખત</u> બ્રિક્સ શિખર સંમેલનની અધ્યક્ષતા કરી રહ્યું છે.
- વર્ષ 2021માં BRICS દ્વારા તેની <u>15મી વર્ષગાંઠ</u>ની ઉજવણી કરવામાં આવી રહી છે.

## BRICS

BRICS એ વિશ્વના <u>પાંચ મોટા વિકાસશીલ દેશોનો</u> એક સમૂહ છે.

- BRICS દેશોમાં <u>બ્રાઝિલ (B)</u>, <u>રશિયા (R)</u>, <u>ઈન્ડિયા (I)</u>, <u>ચીન (C)</u> અને <u>સાઉથ આફ્રિકા (S)</u>નો સમાવેશ થાય છે.
- જેમાંથી ચાર BRIC દેશો બ્રાઝિલ, રશિયા, ભારત અને ચીન દ્વારા <u>વર્ષ 2006</u>માં આ સમૂહની સ્થાપના કરવામાં આવી હતી.
- જેમાં <u>વર્ષ 2010</u>માં <u>સાઉથ આફ્રિકા</u> પાછળથી સામેલ થયું હતું. આથી તે હવે <u>BRICS</u> તરીકે ઓળખાય છે.
- બ્રિક્સ દેશોમાં <u>વિશ્વની આશરે 41 ટકા વસતી</u>નો સમાવેશ થાય છે.
- અને વિશ્વના કુલ GDPમાં બ્રિક્સ દેશોનો ફાળો આશરે 23% જેટલો છે.
- બ્રિક્સ દેશો દ્વારા <u>જુલાઈ 2014</u>માં <u>NDB</u> એટલે કે <u>New Development Bank</u> નામની એક બેંકની રચના કરવામાં આવી હતી.
- આ બેંકનું વડુંમથક <u>ચીનના શાંઘાઈ</u> ખાતે આવેલું છે.

**ICE FACTS :**

(1) BRICS દેશોના પ્રથમ શિખર સંમેલનનું આયોજન <u>16 જૂન, 2009</u>ના રોજ <u>રશિયા</u>ના <u>યેકાતેરિનબર્ગ</u> ખાતે કરવામાં આવ્યુ હતું.

(2) <u>BRICS</u> ના તમામ સભ્યો <u>G-20</u>ના પણ સભ્યદેશો છે.

(3) BRICS શબ્દ <u>વર્ષ 2001</u>માં <u>શ્રી જીમ ઓનિલ</u> દ્વારા આપવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'વિશ્વ જળ દિવસ' (World Water day) તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 20 માર્ચ (B) 21 માર્ચ (C) 22 માર્ચ (D) 23 માર્ચ (C)

2. વર્ષ 2021ની 'વિશ્વ જળ દિવસ'ની થીમ શું છે ?

(A) Why Waste Water ? (B) Nature for Water

(C) Water and Climate Change (D) Valuing water (D)

3. બામિયાન બુદ્ધની મૂર્તિ કયા દેશમાં આવેલી ધરોહર છે ?

(A) બાંગ્લાદેશ (B) નેપાળ (C) પાકિસ્તાન (D) અફઘાનિસ્તાન (D)

4. નીચે આપેલા વિધાનોમાંથી સાચાં વિધાનો જણાવો ?

1. તાજેતરમાં અફઘાનિસ્તાનની બામિયાન ખીણમાં બામિયાન બુદ્ધની મૂર્તિના વિનાશની વર્ષગાંઠ પર 'એ નાઈટ વિથ બુદ્ધા' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.
2. તાલીબાનીઓએ માર્ચ 2001માં બામિયાન ખીણમાં આવેલી ભગવાન બુદ્ધની મૂર્તિઓને તોડી પાડી હતી.
3. બામિયાન બુદ્ધની મૂર્તિઓ મૂર્તિકલાની ગાંધાર શૈલીમાં તૈયાર કરવામાં આવેલ છે.
4. UNESCO દ્વારા બામિયાન બુદ્ધની મૂર્તિઓને વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સ્થાન આપવામાં આવેલ છે.

(A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 1, 2, 3 (D) 1, 2, 4 (A)

5. ગાંધાર શૈલીની મૂર્તિઓ મુખ્યત્વે કયા ધર્મ સાથે સંબંધિત છે ?

(A) ઈસ્લામ (B) હિંદુ (C) બૌદ્ધ (D) જૈન (C)

6. ગાંધાર મૂર્તિકલાના તત્કાલિન મુખ્ય કેન્દ્રો બાબતે નીચેનામાંથી કયું ખોટું છે ?

(A) કપિલા (B) તક્ષશિલા (C) બામિયાન (D) વિજયનગર (D)

7. નીચે આપેલા સાચાં વિધાનો પસંદ કરો ?

1. ભારતની અધ્યક્ષતામાં તાજેતરમાં 'આર્થિક અને વેપારના મુદ્દાઓ પર બ્રિક્સ સંપર્ક જૂથ'ની પ્રથમ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.
2. 13મા BRICS શિખર સંમેલનનું આયોજન ભારત દ્વારા કરવામાં આવશે.
3. BRICSના તમામ સભ્યો G-20ના પણ સભ્યદેશો છે.
4. ન્યૂ ડેવલપમેન્ટ બેંકનું વડુંમથક ચીનના શાંઘાઈ ખાતે આવેલું છે.

(A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 1, 2, 3 (D) 1, 2, 4 (A)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 23 માર્ચ, (1) શહીદ ભગતસિંહ પુણ્યતિથિ
## (2) વિશ્વ મોસમ વિજ્ઞાન દિવસ (World Meteorological Day)

### શહીદ ભગતસિંહ પુણ્યતિથિ

23 માર્ચ, 1931ના રોજ ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના વીર ક્રાંતિકારી શ્રી ભગતસિંહ, શ્રી સુખદેવ અને શ્રી રાજયગુરૂને 'લાહોર ષડયંત્ર કેસ'માં ફાંસી આપવામાં આવી હતી.

- આથી, આ વીર શહીદોની યાદમાં ભારતમાં દર વર્ષે 23 માર્ચના રોજ આ શહીદોની પુણ્યતિથિ ઉજવાય છે.

### શ્રી ભગતસિંહ

શ્રી ભગતસિંહનો જન્મ 28 સપ્ટેમ્બર, 1907ના રોજ પંજાબના લ્યાલપૂર ખાતે થયો હતો.

- શ્રી ભગતસિંહના પિતાનું નામ શ્રી કિશનસિંહ અને માતાનું નામ સુશ્રી વિદ્યાવતી હતું.
- તેઓએ નવજવાન ભારત સભા, કિર્તી કિસાન પાર્ટી અને હિન્દુસ્તાન સોશ્યાલિસ્ટ રિપબ્લિક એસોસિએશન (HSRA)ની સ્થાપના કરી હતી.
- શ્રી ભગતસિંહ, શ્રી શિવરામ, શ્રી રાજગુરૂ અને શ્રી સુખદેવ સામે અંગ્રેજ પોલીસ અધિકારી સોન્ડર્સની હત્યાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. લાલા લજપતરાય પર થયેલા લાઠીચાર્જ અને પછી તેમના દેહાંતથી શ્રી ભગતસિંહ અને તેમના સાથીદારો રોષે ભરાયા હતા અને 17 ડિસેમ્બર, 1928ના રોજ તેમના દ્વારા સોન્ડર્સની હત્યા કરવામાં આવી હતી.
- ત્યારબાદ 8 એપ્રિલ, 1929ના રોજ શ્રી ભગતસિંહ દ્વારા ધારાસભામાં બોમ્બ ફેંકવામાં આવ્યો હતો. પકડાયા પછી તેમના પર કેસ ચાલ્યો હતો.

### વિશ્વ મોસમ વિજ્ઞાન દિવસ

World Meteorological Organizationની સ્થાપના 23 માર્ચ, 1950ના રોજ થઈ હતી.

- આથી, આ દિવસની યાદમાં દર વર્ષે 23 માર્ચના રોજ 'World Meteorological Day' અથવા તો 'વિશ્વ મોસમ વિજ્ઞાન દિવસ' ની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2021ની 'વિશ્વ મોસમ વિજ્ઞાન દિવસ' ની થીમ 'The Ocean, Our Climate And Weather' છે.

### World Meteorological Organization (WMO)

WMO એ સંયુક્ત રાષ્ટ્રની એક ખાસ શાખા છે.

- તેની સ્થાપના 23 માર્ચ, 1950ના રોજ કરવામાં આવી હતી.
- તેનું વડુંમથક સ્વિત્ઝરલેન્ડના જિનીવા ખાતે આવેલું છે.
- તેની પૈતૃક સંસ્થા યુનાઈટેડ નેશન્સ ઈકોનોમિક એન્ડ સોશિયલ કાઉન્શિલ (ECOSOC) છે.
- આ સંસ્થા વાતાવરણ વિજ્ઞાન, કલાઈમેટોલોજી, હાઈડ્રોલોજી અને જીયોફિઝીક્સ જેવા ક્ષેત્રોમાં આંતરરાષ્ટ્રીય સહકાર આપવાનું કાર્ય કરે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 67મા નેશનલ ફિલ્મ એવોર્ડની જાહેરાત

22 માર્ચ 2021ના રોજ 67માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોની જાહેરાત કરવામાં આવી હતી.

- વર્ષ 2019માં રિલીઝ થયેલી ફિલ્મો માટે તાજેતરમાં 67મા નેશનલ ફિલ્મ એવોર્ડની જાહેરાત કરવામાં આવી છે. આ જાહેરાતમાં કોવિડ–19 મહામારીના કારણે એક વર્ષ જેટલો વિલંબ થયો છે.
- દર વર્ષે 3 મેના રોજ નેશનલ ફિલ્મ એવોર્ડ સમારંભનું આયોજન કરવામાં આવે છે. જો કે વર્ષ 2020માં આ સમારંભનું આયોજન કરવામાં આવ્યું ન હતું. છેવટે 22 માર્ચ, 2021ના રોજ નવી દિલ્હીના નેશનલ મીડિયા સેન્ટરમાં એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન નેશનલ ફિલ્મ એવોર્ડના વિજેતાઓની જાહેરાત કરવામાં આવી હતી.

### 67મો નેશનલ ફિલ્મ એવોર્ડ

શ્રી નિતેશ તિવારીના નિર્દેશનમાં બનેલી અને શ્રી સુશાંતસિંહ રાજપૂત અને સુશ્રી શ્રદ્ધા કપૂર અભિનીત ફિલ્મ 'છિછોરે'ને બેસ્ટ હિન્દી ફિલ્મ તરીકે પસંદ કરવામાં આવી હતી.

- સુશ્રી કંગના રનૌતને મણિકર્ણિકા અને પંગા બંને ફિલ્મ માટે બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ મળ્યો હતો. આ તેનો ચોથો નેશનલ એવોર્ડ છે.
- મોસ્ટ ફિલ્મ ફ્રેન્ડલી સ્ટેટનો એવોર્ડ સિક્કિમ રાજ્યને આપવામાં આવ્યો છે.
- બેસ્ટ સિનેમેટોગ્રાફીનો એવોર્ડ 'જલીકટ્ટુ' ફિલ્મને આપવામાં આવ્યો છે.
- તેલુગુ ફિલ્મ ધનુષ માટે શ્રી મનોજ બાજપાઈને બેસ્ટ એક્ટરનો એવોર્ડ આપવામાં આવ્યો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### 67મા નેશનલ ફિલ્મ એવોર્ડ વિજેતાઓ

| | | |
|---|---|---|
| બેસ્ટ ફીચર ફિલ્મ (હિન્દી ભાષા) | : | છિછોરે |
| બેસ્ટ એક્ટ્રેસ | : | સુશ્રી કંગના રનૌત, મણિકર્ણિકા અને પંગા ફિલ્મ માટે |
| બેસ્ટ એક્ટર | : | શ્રી મનોજ બાજપાઈ, ધનુષ ફિલ્મ માટે |
| બેસ્ટ સિંગર | : | શ્રી બી. પ્રાકને (કેસરી ફિલ્મના 'તેરી મિટ્ટી' સોન્ગ માટે) |
| બેસ્ટ સિનેમેટોગ્રાફી | : | જલીકટ્ટુ |
| બેસ્ટ નોન–ફીચર ફિલ્મ | : | વાઈલ્ડ (કર્ણાટક) |
| બેસ્ટ ઓરિજિનલ સ્ક્રીનપ્લે | : | ધી તાશ્કંદ ફાઈલ્સ |
| બેસ્ટ ફિલ્મ ક્રિટીક | : | સુશ્રી મોહિની ચટ્ટોપાધ્યાય |
| બેસ્ટ બુક ઓન સિનેમા એવોર્ડ | : | શ્રી સંજય સુરી દ્વારા લિખિત 'A Gandhian Affair :India's Curious Portrayal of Love In Cinema' |
| બેસ્ટ શોર્ટ ફિક્શન ફિલ્મ એવોર્ડ | : | કસ્ટડી |
| બેસ્ટ એનિમેશન ફિલ્મ એવોર્ડ | : | રાધા (મ્યુઝીકલ) ફિલ્મને |
| બેસ્ટ ફીચર ફિલ્મ | : | મરાક્કર : લાયન ઓફ ધ અરેબિયન સી (મલયાલમ) |
| બેસ્ટ નોન–ફીચર ફિલ્મ | : | An Engineered Dream |

**ICE FACT :**

(1) ભારતમાં 'ડિરેક્ટોરેટ ઓફ ફિલ્મ ફેસ્ટિવલ્સ' દ્વારા આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

## શ્રી શેખ મુજીબૂર રહેમાન અને ઓમાનના પૂર્વ શાસક સુલતાન કાબુસની ગાંધી શાંતિ પુરસ્કાર 2019 અને 2020 માટે પસંદગી

કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલયના જણાવ્યા અનુસાર **વર્ષ 2020**ના **ગાંધી શાંતિ પુરસ્કાર** માટે **'બંગબંધુ'** તરીકે સુપ્રસિદ્ધ એવા **શ્રી શેખ મુજીબૂર રહેમાન**ની પસંદગી કરવામાં આવી છે જ્યારે **વર્ષ 2019**ના ગાંધી શાંતિ પુરસ્કાર માટે **ઓમાન**ના પૂર્વ શાસક **સુલતાન કાબુસ બિન સૈયદ અલ સૈયદ**ની પસંદગી કરવામાં આવી છે.

- એવું પ્રથમવાર બની રહ્યું છે કે વર્ષ 2019 અને વર્ષ 2020 માટે આ પ્રતિષ્ઠિત પુરસ્કાર મરણોતર એનાયત કરવામાં આવશે.

### શેખ મુજીબૂર રહેમાન

શ્રી શેખ મુજીબૂર રહેમાન **'બંગબંધુ'**ના નામથી વધુ પ્રચલિત છે.

- શ્રી શેખ મુજીબૂર રહેમાનનો જન્મ 17 માર્ચ, 1920ના રોજ તત્કાલિન બંગાળના તુંગીપુરા ખાતે થયો હતો.
- તેમજ તેઓનું નિધન 15 ઓગસ્ટ, 1975ના રોજ બાંગ્લાદેશના ઢાકા ખાતે થયું હતું.
- **વર્ષ 2020**ને **બાંગ્લાદેશ** દ્વારા **શેખ મુજીબૂર રહેમાનની જન્મ શતાબ્દી વર્ષ** તરીકે ઉજવણી કરવામાં આવી હતી.
- **બાંગ્લાદેશના પ્રથમ રાષ્ટ્રપતિ** તથા **પ્રથમ વડાપ્રધાન** તરીકે શ્રી શેખ મુજીબૂર રહેમાને સેવાઓ આપી હતી.
- તેઓ બાંગ્લાદેશના **'રાષ્ટ્રપિતા'** તરીકે **સુપ્રસિદ્ધ** છે.
- તેઓએ બાંગ્લાદેશની સ્વતંત્રતા માટે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

**ICE FACT :**

(1) 'રચનાત્મક અર્થવ્યવસ્થા'ના ક્ષેત્રમાં યુનેસ્કોએ વર્ષ 2021થી શેખ મુજીબૂર રહેમાનના નામ પર એક આંતરરાષ્ટ્રીય પુરસ્કાર શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.

### સુલતાન કાબુસ બિન સૈયદ અલ સૈયદ

તેઓએ લગભગ અડધી સદી સુધી ઓમાન પર શાસન કર્યું હતું. તેઓ આરબ વિશ્વમાં સૌથી લાંબો સમય સુધી સેવા આપનાર શાસક છે.

- તેઓએ ભારત અને ઓમાન વચ્ચે સંબંધો વિકસાવવા મહત્ત્વપૂર્ણ ફાળો આપ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગાંધી શાંતિ પુરસ્કાર

ગાંધી શાંતિ પુરસ્કાર એ એક આંતરરાષ્ટ્રીય પુરસ્કાર છે જેનું નામ મહાત્મા ગાંધીના નામ પરથી રાખવામાં આવ્યું છે.

- ભારત સરકાર દ્વારા આ એવોર્ડ રજૂ કરવામાં આવે છે.
- આ એવોર્ડની શરૂઆત વર્ષ 1995માં શ્રી મોહનદાસ ગાંધીની 125મી જન્મ વર્ષગાંઠ નિમિત્તે કરવામાં આવી હતી.
- આ વાર્ષિક એવોર્ડ વ્યક્તિઓ અને સંસ્થાઓને અહિંસા અને અન્ય ગાંધીવાદી આદર્શો દ્વારા રાજકીય, સામાજિક અને આર્થિક પરિવર્તનમાં ફાળો આપવા બદલ આપવામાં આવે છે.
- આ એવોર્ડ અંતર્ગત એક કરોડ રૂપિયા રોકડ, તકતી અને પ્રશસ્તિપત્રોનો સમાવેશ કરવામાં આવે છે.
- આ એવોર્ડ વિશ્વના દરેક લોકો માટે ખુલ્લો છે જેમાં રાષ્ટ્રીયતા, જાતિ, લિંગ વગેરે બાબતે ભેદભાવ કરવામાં આવતો નથી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પસંદગી સમિતિ

ગાંધી શાંતિ પુરસ્કારની પસંદગી સમિતિની અધ્યક્ષતા ભારતના વડાપ્રધાન દ્વારા કરવામાં આવે છે. અને તેના અન્ય સભ્યોમાં ભારતના ચીફ જસ્ટિસ, લોકસભામાં વિપક્ષના નેતા, લોકસભાના અધ્યક્ષ અને સુલભ ઈન્ટરનેશનલના સ્થાપકનો સમાવેશ થાય છે.



1. ભારતના વીર ક્રાંતિકારી શ્રી ભગતસિંહ, શ્રી સુખદેવ અને શ્રી રાજગુરુને ક્યારે ફાંસી આપવામાં આવી હતી ?

(A) 23 માર્ચ, 1930 (B) 23 માર્ચ, 1931 (C) 23 માર્ચ, 1932 (D) 23 માર્ચ, 1933 (B)

2. 'વિશ્વ મોસમ વિજ્ઞાન દિવસ' અથવા તો 'વિશ્વ હવામાન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 21 માર્ચ (B) 22 માર્ચ (C) 23 માર્ચ (D) 24 માર્ચ (C)

3. વર્ષ 2021ના 'વિશ્વ મોસમ વિજ્ઞાન દિવસ' અથવા તો 'વિશ્વ હવામાન દિવસ'ની થીમ શું છે ?

(A) Climate and World (B) Climate and Nature

(C) Climate and Water (D) The Ocean, our Climate and weather (D)

4. World Meteorological Organization (WMO) નું વડુંમથક કયા આવેલું છે ?

(A) જિનીવા (B) પેરિસ (C) ન્યૂયોર્ક (D) વોશિંગ્ટન ડી.સી. (A)

5. તાજેતરમાં કેટલામાં નેશનલ ફિલ્મ એવોર્ડની જાહેરાત કરવામાં આવી છે ?

(A) 66 (B) 67 (C) 68 (D) 69 (C)

6. કયા વર્ષમાં રિલીઝ થયેલી ફિલ્મો માટે તાજેતરમાં 67માં નેશનલ ફિલ્મ એવોર્ડની જાહેરાત કરવામાં આવી છે ?

(A) 2018 (B) 2019 (C) 2020 (D) 2017 (B)

7. તાજેતરમાં જાહેર કરવામાં આવેલા નેશનલ ફિલ્મ અવોર્ડ અંતર્ગત કઈ ફિલ્મને બેસ્ટ હિન્દી ફિલ્મ તરીકે પસંદ કરવામાં આવી છે ?

(A) પંગા (B) મણિકર્ણિકા (C) કેસરી (D) છિછોરે (D)

8. 67માં નેશનલ ફિલ્મ એવોર્ડ અંતર્ગત કઈ અભિનેત્રીને બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ આપવામાં આવ્યો છે ?

(A) સુશ્રી દીપિકા પાદુકોણ (B) સુશ્રી આલિયા ભટ્ટ

(C) સુશ્રી કંગના રનૌત (D) સુશ્રી કિઅેરા અડવાણી (C)

9. 67મા નેશનલ ફિલ્મ એવોર્ડ અંતર્ગત મોસ્ટ ફિલ્મ– ફ્રેન્ડલી સ્ટેટનો એવોર્ડ કયા રાજ્યને આપવામાં આવ્યો છે ?

(A) સિક્કીમ (B) તમિલનાડુ (C) ગુજરાત (D) રાજસ્થાન (A)

10. વર્ષ 2019ના ગાંધી શાંતિ પુરસ્કાર માટે તાજેતરમાં કોની પસંદગી કરવામાં આવી છે ?

(A) શ્રી શેખ મુજીબૂર રહેમાન (B) શ્રી નેલ્સન મંડેલા

(C) સુલતાન કાબુસ બિન સૈયદ અલ સૈયદ (D) શ્રી બરાક ઓબામા (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## TUESDAY Questions

**11.** વર્ષ 2020ના ગાંધી શાંતિ પુરસ્કાર માટે તાજેતરમાં કોની પસંદગી કરવામાં આવી છે ?

(A) શ્રી શેખ મુજીબૂર રહેમાન  (B) શ્રી નેલ્સન મંડેલા

(C) સુલતાન કાબુસ બિન સૈયદ અલ સૈયદ  (D) શ્રી બરાક ઓબામા  **(A)**

---

**12.** નીચે આપેલા વિધાનોમાંથી સાચાં વિધાનો જણાવો ?

1. શ્રી શેખ મુજીબૂર રહેમાન ‘બંગબંધુ’ના નામથી પ્રસિદ્ધ છે.
2. ‘રચનાત્મક અર્થવ્યવસ્થા’ના ક્ષેત્રમાં યુનેસ્કોએ વર્ષ 2021થી શેખ મુજીબૂર રહેમાનના નામ પર એક આંતરરાષ્ટ્રીય પુરસ્કાર શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.
3. સુલતાન કાબુસ બિન સૈયદ અલ સૈયદે ભારત અને ઓમાન વચ્ચેના સંબંધો વિકસાવવા મહત્ત્વપૂર્ણ ફાળો આપ્યો હતો.
4. ગાંધી શાંતિ પુરસ્કારની શરૂઆત વર્ષ 1995માં કરવામાં આવી હતી.

(A) 1, 2, 3  (B) 1, 2, 4  (C) 2, 3, 4  (D) 1, 2, 3, 4  **(D)**


---

**13.** ગાંધી શાંતિ પુરસ્કાર પસંદગી સમિતિમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?

(A) રાજ્યસભાના અધ્યક્ષ  (B) લોકસભાના અધ્યક્ષ

(C) ભારતના વડાપ્રધાન  (D) ભારતના ચીફ જસ્ટિસ  **(A)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## દિવસ મહિમા : 24 માર્ચ, વિશ્વ ક્ષય (ટી.બી.) દિન

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 24 માર્ચના રોજ 'વિશ્વ ક્ષય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 24 માર્ચ, 1882ના રોજ જર્મનીના ડો. રોબર્ટ કોચ નામના તબીબે સૌપ્રથમ વખત ક્ષય રોગના જંતુઓની શોધ કરી હતી.
- આથી, આ દિવસની યાદમાં દર વર્ષે 24 માર્ચના રોજ 'વિશ્વ ક્ષય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો હેતુ ક્ષયથી પીડાતા રોગીઓને શોધીને તેમને તેની સારવાર મફત મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવાનો છે.
- ક્ષયનો રોગ બીડી, સિગારેટ, તમાકુ વગેરેના  વધુ પડતા સેવનના કારણે થાય છે.
- વર્ષ 2021ની 'વિશ્વ ક્ષય દિવસ'ની થીમ 'The Clock is Ticking' છે.
- વિશ્વ ટી.બી. દિવસએ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)ના આઠ સત્તાવાર ગ્લોબલ પબ્લિક હેલ્થ કેમ્પેઈન પૈકીનું એક છે.
- વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) દ્વારા વર્ષ 2030 સુધીમાં TB નાબૂદ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.
- જ્યારે ભારત દ્વારા વર્ષ 2025 સુધીમાં TB નાબૂદ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

### ટી.બી.

ક્ષય રોગને અંગ્રેજીમાં ટૂંકમાં 'ટી.બી.' તરીકે ઓળખવામાં આવે છે.

- ટી.બી.નું પૂરું નામ 'ટ્યુબરકોલોસિસ' છે.
- ભારત સરકારની વર્ષ 2017ની આરોગ્ય નીતિમાં ભારતમાંથી ટી.બી.નું ઉન્મૂલન કરવાનું લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યું છે.
- આ અંતર્ગત વર્ષ 2025 સુધીમાં ભારતમાંથી ટી.બી.નું ઉન્મૂલન કરવાનું કેન્દ્ર સરકારનું લક્ષ્ય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## NPCI દ્વારા 'UPI-Help'ની શરૂઆત

ભારતમાં ડિજિટલ પેમેન્ટ માટેની છત્ર સંસ્થા (Umbrella Entity) 'નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા' (NCPI) એ BHIM એપ્લિકેશન પર 'UPI-Help' ની શરૂઆત કરી છે.

- UPI હેલ્પએ BHIM એપ્લિકેશન વપરાશકર્તાઓ માટે ફરિયાદ નિવારણ પદ્ધતિ તરીકે કાર્ય કરશે.
- આ એપ્લિકેશન વપરાશકર્તાઓને પેન્ડિંગ ટ્રાન્ઝેકશનની સ્થિતિ તપાસવામાં અને કાર્યવાહી કરવામાં આવી નથી તેવા વ્યવહારો વિરુદ્ધ ફરિયાદો કરવામાં મદદરૂપ થશે. તેમજ રૂપિયા લાભકર્તા સુધી પહોંચ્યા ન હોય તેવા કિસ્સામાં ફરિયાદ કરવામાં પણ મદદરૂપ થશે.
- હાલમાં આ સુવિધા BHIM એપ્લિકેશન પર સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, HDFC બેંક, એક્સિસ બેંક અને ICICI બેંકના ગ્રાહકો માટે ઉપલબ્ધ છે.

## BHIM

BHIMનું પૂરું નામ **'ભારત ઈન્ટરફેસ ફોર મની'** છે.

- આ એપ્લિકેશનનો વિકાસ **'નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા' (NPCI)** દ્વારા કરવામાં આવ્યો છે.
- આ એપ્લિકેશન **યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI)** પર આધારિત છે.
- **30 ડિસેમ્બર, 2016**ના રોજ આ એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી હતી.
- આ એપ્લિકેશન સીધી બેંકો દ્વારા ઈ–ચૂકવણીની સુવિધાઓ આપે છે.
- આ એપ્લિકેશન કુલ **16 ભારતીય ભાષાઓમાં** ઉપલબ્ધ છે.
- તેનો ઉપયોગ UPI નો ઉપયોગ કરતી તમામ બેંકોમાં કરી શકાય છે.
- તે **ઈમિડિયેટ પેમેન્ટ સર્વિસ (IMPS)** અંતર્ગત વિકસાવવામાં આવેલ છે જેના દ્વારા વપરાશકર્તાઓ એકબીજાના બેંક ખાતામાં રૂપિયા ટ્રાન્સફર કરી શકે છે.
- તેમજ તેનો ઉપયોગ તમામ મોબાઈલ ઉપકરણોમાં કરી શકાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI)

નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) એ **રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા** (RBI)ની **માલિકી હેઠળ** ભારતભરમાં **રિટેલ પેમેન્ટ અને સેટલમેન્ટ સિસ્ટમનું** સંચાલન કરે છે.

- તેની સ્થાપના **ડિસેમ્બર, 2008**માં **રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા** અને **ઈન્ડિયન બેંક્સ એસોસિએશન** દ્વારા કરવામાં આવી હતી.
- તેની નોંધણી કંપની અધિનિયમ, 2013ની કલમ 8 અંતર્ગત કરવામાં આવી છે.
- તેનું મુખ્યમથક **મહારાષ્ટ્રના મુંબઈ** ખાતે આવેલું છે.

## UPI

UPI નું પૂરું નામ **'યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ'** છે.

- તે એક ત્વરિત **રીઅલ-ટાઈમ પેમેન્ટ સિસ્ટમ** છે. જેને નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) દ્વારા વિકસાવવામાં આવી હતી.
- આંતર–બેંક વ્યવહારો માટે UPI નામનો ઈન્ટરફેસ પ્રદાન કરવામાં આવ્યો છે.
- ડિસેમ્બર, 2020 સુધીમાં લગભગ 207 બેંકો માટે UPI સુવિધા ઉપલબ્ધ હતી.

1. વિશ્વ ક્ષય દિન" અથવા તો 'વિશ્વ ટી.બી. દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 22 માર્ચ (B) 23 માર્ચ (C) 24 માર્ચ (D) 25 માર્ચ (C)

2. વર્ષ 2021ની 'વિશ્વ ક્ષય દિવસ'ની થીમ શું છે ?

(A) It's time (B) I am Stopping TB

(C) Unite to End TB (D) The Clock is Ticking (D)

3. T.B.નું પૂરું નામ શું છે ?

(A) Tuberculosis (B) Tubercurosis

(C) Tubercunosis (D) Tubercumosis (A)

4. કયાં સુધીમાં ક્ષય અથવા તો ટી.બી.ના રોગનું ઉન્મૂલન કરવાનું ભારત સરકારનું લક્ષ્યાંક છે ?

(A) 2035 (B) 2024 (C) 2025 (D) 2028 (C)

5. કયાં સુધીમાં ક્ષય અથવા તો ટી.બી.ના રોગનું ઉન્મૂલન કરવાનું વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)નું લક્ષ્યાંક છે ?

(A) 2025 (B) 2026 (C) 2030 (D) 2035 (C)

6. ડો.રોબર્ટ કોચ કયા દેશના વૈજ્ઞાનિક હતા ?

(A) જર્મની (B) ફ્રાન્સ (C) જાપાન (D) ઈટાલી (A)

7. નીચે આપેલા વિધાનોમાંથી સાચાં વિધાનો જણાવો ?

1. તાજેતરમાં NPCI દ્વારા BHIM એપ્લિકેશન પર 'UPI-Help' ની શરૂઆત કરવામાં આવી છે.

2. UPI હેલ્પએ BHIM એપ્લિકેશન વપરાશકર્તાઓ માટે ફરિયાદ નિવારણ પદ્ધતિ તરીકે કાર્ય કરશે.

3. BHIM નું પૂરું નામ 'ભારત ઈન્ટરફેસ ફોર મની' છે.

4. BHIM એપ્લિકેશન 30 ડિસેમ્બર, 2016ના રોજ લોન્ચ કરવામાં આવી હતી ?

(A) 1, 2, 3 (B) 2, 3, 4 (C) 1, 2, 3, 4 (D) 1, 2, 4 (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કલ્યાણી રાફેલ એડવાન્સ સિસ્ટમ દ્વારા MRSAM મિસાઈલ્સની પ્રથમ બેચ રજૂ

તાજેતરમાં કલ્યાણી રાફેલ એડવાન્સ સિસ્ટમ (KRAS) દ્વારા મીડિયમ રેન્જ સરફેસ ટૂ એર મિસાઈલ (MRSAM)ની પ્રથમ બેચની રજૂઆત કરવામાં આવી હતી.

- કલ્યાણી રાફેલ એડવાન્સ સિસ્ટમ (KRAS)એ ભારતના કલ્યાણી ગ્રુપ અને ઈઝરાયેલના રાફેલ એડવાન્સ ડિફેન્સ સિસ્ટમનું સંયુક્ત સાહસ છે.
- આ મિસાઈલો ભારતીય સેના અને ભારતીય વાયુસેના માટે રજૂ કરવામાં આવી છે.
- નજીકના ભવિષ્યમાં KRAS દ્વારા ભારતને 1,000 કરતા વધારે MRSAM મિસાઈલો સોંપવામાં આવશે. જે અંગે KRAS દ્વારા અગાઉ જ પ્રતિબદ્ધતા દર્શાવવામાં આવી હતી.
- ત્યારબાદ આ મિસાઈલ વિભાગને ભવિષ્યના એકીકરણ માટે ભારત ડાયનામિક્સ લિમિટેડ (BDL)ને સોંપવામાં આવશે.

### KRAS

કલ્યાણી રાફેલ એડવાન્સ સિસ્ટમ (KRAS)એ અદ્યતન ઉત્પાદન ક્ષમતા અને સુવિધાઓ ધરાવતું ભારતનું ખાનગી ક્ષેત્રનું MSME છે.

- જે દેશના સંરક્ષણ દળોમાં સામેલ કરવામાં આવી રહેલ દેશની અદ્યતન શસ્ત્ર પ્રણાલી માટે એસેમ્બલી, ઈન્ટિગ્રેશન અને ટેસ્ટીંગ (AIT)ને સમર્પિત છે.
- KRASએ ભારતીય વાયુસેનામાં સેવામાં રહેલ એર ડિફેન્સ મિસાઈલ સિસ્ટમના મેઈન્ટેનન્સ એન્ડ રિપેર ઓપરેશન (MRO) સાથે પણ સંકળાયેલ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### મીડિયમ રેન્જ સરફેસ ટૂ એર મિસાઈલ (MRSAM)

ઈઝરાયેલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ (IAI)ના સહયોગથી સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO) દ્વારા MRSAMનો વિકાસ કરવામાં આવ્યો છે.

- આ મિસાઈલ ઓગસ્ટ 2019માં ભારતને સોંપવામાં આવી હતી.
- આ મિસાઈલ ભારતીય સશસ્ત્ર દળોને મધ્યમ રેન્જ સુધીના હવાઈ જોખમો સામે સંરક્ષણ ક્ષમતા પ્રદાન કરે છે.
- MRSAM વેપન સિસ્ટમમાં ;
  - એક કમાન્ડ અને કન્ટ્રોલ સિસ્ટમ
  - એક ટ્રેકિંગ રડાર
  - મોબાઈલ લોન્ચર અને
  - મિસાઈલોનો સમાવેશ થાય છે.
- મિસાઈલ લોન્ચર સિસ્ટમનો ઉપયોગ આઠ જેટલા કેનિસ્ટરાઈઝ્ડ મિસાઈલોના પરિવહન અને લોન્ચિંગ માટે કરવામાં આવે છે.
- MRSAMનું વજન 276 કિલોગ્રામ અને તેની લંબાઈ 4.5 મીટર છે.
- તે અદ્યતન સક્રિય રડાર રેડિયો ફ્રિકવન્સી સીકર, બાય ડાયરેકશનલ ડેટા લિંક અને તબક્કાવાર એરે રડારથી સજ્જ છે.
- MRSAMએ DRDO દ્વારા વિકસિત કરવામાં આવેલ ડ્યુઅલ–પલ્સ સોલિડ પ્રપલ્શન સિસ્ટમ દ્વારા સંચાલિત થાય છે.

## નવા વાહનો માટેની સ્ક્રેપિંગ નીતિની લોકસભામાં રજૂઆત

18 માર્ચ, 2021ના રોજ કેન્દ્રીય માર્ગ, પરિવહન અને રાજમાર્ગ મંત્રી શ્રી નીતિન ગડકરીએ લોકસભામાં નવા વાહનો માટેની સ્ક્રેપિંગ નીતિની રજૂઆત કરી હતી.

- આ નીતિ અંગેની સૌપ્રથમ જાહેરાત 1 ફેબ્રુઆરી, 2021ના રોજ કેન્દ્રીય નાણામંત્રી સુશ્રી નિર્મલા સિતારામને કેન્દ્રીય બજેટ 2021-22ના તેમના વકતવ્ય દરમિયાન કરી હતી.

### મુખ્ય બાબતો

કેન્દ્રીય માર્ગ, પરિવહન અને હાઈવે પ્રધાનશ્રીએ નવા વાહનો માટેની સ્ક્રેપિંગ નીતિને લોકસભામાં પ્રસ્તુત કરતી વખતે ઘણી બાબતો અંગે પ્રકાશ પાડયો હતો જે નીચે મુજબ છે :

- દેશમાં 51 લાખ કરતા વધારે લાઈટ મોટર વિહીકલ્સ છે જે 20 વર્ષ કરતા પણ વધારે જૂના છે, 34 લાખ જેટલા લાઈટ મોટર વિહીકલ્સ 15 વર્ષ કરતાં પણ જૂના છે. તેમજ 17 લાખ જેટલા મીડિયમ અને હેવી કોમર્શિયલ વાહનો 15 વર્ષ કરતાં પણ જૂના છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### વિહીકલ સ્ક્રેપિંગ પોલિસી

કેન્દ્રીય મંત્રીશ્રીએ વિહીકલ સ્ક્રેપિંગ પોલિસીની રજૂઆત કરતાં જણાવ્યું હતું કે સ્ક્રેપિંગ પોલિસી અંતર્ગત જૂના વાહનોને દૂર કરી ઉત્સર્જન ઘટાડવામાં મદદ મળશે અને તેની મદદથી ઓટોમોબાઈલ ક્ષેત્રમાં પણ પરિવર્તન આવશે.

- આ નીતિ અંતર્ગત જૂના અને બિન ઉપયોગી થઈ ગયેલા વાહનોને તબક્કાવાર દૂર કરવામાં આવશે.
- આ નવી નીતિ અંતર્ગત ખાનગી વાહનોના મામલે 20 વર્ષ પછી અને વ્યાપારિક વાહનોના મામલે 15 વર્ષ પછી સ્વયંચાલિત ફિટનેસ પરીક્ષણ કરાવવા માટે લોકોને જવાની દરખાસ્ત મૂકવામાં આવી છે.
- જો વાહનો ત્રણ વખત ફિટનેસ ટેસ્ટ પાસ કરવામાં નિષ્ફળ જાય છે તો વાહન માલિક તેને રસ્તા પર ચલાવી શકશે નહિ.

### વિહીકલ સ્ક્રેપિંગ પોલિસીનું મહત્વ

આ નીતિ પર્યાવરણને અનુકૂળ (Environment Friendly), બળતણ–કાર્યક્ષમ વાહનોને પ્રોત્સાહિત કરવામાં મદદરૂપ થશે.

- આમ, તે વાહનોના પ્રદૂષણ અને તેલ આયાત બિલને ઘટાડવામાં મદદરૂપ થશે.
- તેની મદદથી રોડ સલામતીમાં પણ વધારો થશે.
- જૂના વાહનોના સ્ક્રેપ એવા સ્ટીલ, પ્લાસ્ટિક અને કોપર જેવી ધાતુ સામગ્રીનો ઉપયોગ ફરી વખત કરી શકાશે. તેનાથી વાહનોના એકંદર ખર્ચમાં ઘટાડો થશે.
- જૂના વાહનોને દૂર કર્યા પછી નવા વાહનોના વેચાણમાં પણ વધારો થશે. તેની મદદથી દેશના ઓટોમોબાઈલ ક્ષેત્રને વેગ મળશે.

1. નીચે આપેલાં વિધાનો પર વિચાર કરો અને સાચાં વિધાનો પસંદ કરો ?

1. કલ્યાણી રાફેલ એડવાન્સ સિસ્ટમ દ્વારા તાજેતરમાં MRSAM મિસાઈલની પ્રથમ બેચની રજૂઆત કરવામાં આવી છે.
2. કલ્યાણી રાફેલ એડવાન્સ સિસ્ટમ (KRAS)એ ભારતના કલ્યાણી ગ્રૂપ અને ઈઝરાયેલના રાફેલ એડવાન્સ ડિફેન્સ સિસ્ટમનું સંયુક્ત સાહસ છે.
3. KRAS દ્વારા MRSAM મિસાઈલો ભારતીય સેના અને ભારતીય વાયુસેના માટે રજૂ કરવામાં આવી છે.
4. MRSAMનું વજન 276 કિલોગ્રામ અને તેની લંબાઈ 4.5 મીટર છે.

(A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 1, 2, 3 (D) 1, 2, 4 **(A)**

2. નીચે આપેલાં વિધાનો પર વિચાર કરો અને સાચાં વિધાનો પસંદ કરો ?

1. કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી શ્રી નીતિન ગડકરીએ લોકસભામાં નવા વાહનો માટેની સ્ક્રેપિંગ નીતિની રજૂઆત કરી હતી.
2. સ્ક્રેપિંગ નીતિ અંતર્ગત ખાનગી વાહનોના મામલે 20 વર્ષ પછી સ્વયંચાલિત ફિટનેસ પરીક્ષણ કરાવવા માટે લોકોને જવાની દરખાસ્ત મૂકવામાં આવી છે.
3. સ્ક્રેપિંગ નીતિ અંતર્ગત વ્યાપારિક વાહનોના મામલે 15 વર્ષ પછી સ્વયંચાલિત ફિટનેસ પરીક્ષણ કરાવવા માટે લોકોને જવાની દરખાસ્ત મૂકવામાં આવી છે.
4. જો વાહનો ત્રણ વખત ફિટનેસ ટેસ્ટ પાસ કરવામાં નિષ્ફળ જાય છે તો વાહનમાલિક તેને રસ્તા પર ચલાવી શકશે નહિ.

(A) 2, 3, 4 (B) 1, 2, 3, 4 (C) 1, 2, 3 (D) 1, 2, 4 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા 16 થી 31 માર્ચ દરમિયાન 'પોષણ પખવાડિયા'ની ઉજવણી

તાજેતરમાં કેન્દ્રીય **મહિલા અને બાળ વિકાસ મંત્રાલય** દ્વારા **16 માર્ચ, 2021થી 31 માર્ચ, 2021** દરમિયાન 'પોષણ પખવાડિયા'ની ઉજવણી કરવામાં આવી રહી છે.

- કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ વિભાગ અથવા તો સમાજ કલ્યાણ વિભાગ દ્વારા વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં પોષણ પખવાડિયાની ઉજવણી પર દેખરેખ રાખવામાં આવી રહી છે.

### પોષણ પખવાડિયું 2021

- પોષણ પખવાડિયા 2021નો મુખ્ય ઉદ્દેશ **ફૂડ ફોરેસ્ટ્રી (ખોરાક વન)**નો ઉપયોગ કરીને પોષક પડકારોને દૂર કરવા અને **પોષણ પંચાયતોનું** આયોજન કરવાનો છે.
- આ અંતર્ગત **આયુષ મંત્રાલય** હેઠળ કાર્યરત **નેશનલ મેડિસિનલ પ્લાન્ટ્સ બોર્ડ** (NMPB) દરેક આંગણવાડી કેન્દ્રોમાં પોષક સમૃદ્ધ છોડના 4 નમૂનાઓનું વિતરણ કરશે. તેની મદદથી પોષણ પડકારોને પહોંચી વળવામાં મદદ મળશે.
- સ્થાનિક પંચાયત અને ડેપ્યુટી કલેક્ટરની દેખરેખ હેઠળ આ વિતરણ કરવામાં આવશે.
- પોષણ પખવાડિયાની ઉજવણીના ભાગરૂપે કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા પોષણના મુદ્દાઓ પર જાગૃતિ માટે વિવિધ અભિયાનોનું આયોજન પણ કરવામાં આવશે જે નીચે મુજબ છે :

  – ફૂડ ફોરેસ્ટ્રી

  – પોષણ વાટિકા

  – ગંભીર તીવ્ર કુપોષણ (Severe Acute Malnutrition) ધરાવતા બાળકોની ઓળખ

  – કુપોષણનો વ્યાપ અને તેના પરિણામો

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### પોષણ મહિનો

પોષણ મહિનાની ઉજવણી ગયા વર્ષે એટલે કે વર્ષ 2020માં **'સપ્ટેમ્બર'** મહિના દરમિયાન કરવામાં આવી હતી.

- આ સમયગાળા દરમિયાન **'પોષણ વાટિકા'**ની સ્થાપના એ જન આંદોલન બન્યું હતું.
- જેના અંતર્ગત કિચન ગાર્ડનના રૂપમાં આશરે 10.87 લાખ છોડનું વાવેતર આંગણવાડી કક્ષાએ કરવામાં આવ્યું હતું.

### પોષણ અભિયાન

POSHANનું પૂરું નામ ' Prime Minister's Overarching Scheme for Holistic Nutrition' છે.

- પોષણ અભિયાન વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** **રાજસ્થાનના ઝૂનઝૂનું** ખાતેથી **8 માર્ચ, 2018**ના રોજ લોન્ચ કર્યું હતું.
- હેતુ : આ મિશનનો હેતુ 0-6 વર્ષના **બાળકો**, **કિશોરીઓ**, **સગર્ભા** સ્ત્રીઓ અને સ્તનપાન કરાવતી માતાઓની પોષણ સ્થિતિમાં સુધારો કરવાનો છે.

## મિશન પોષણ 2.0

કેન્દ્રીય બજેટ 2021-22 અંતર્ગત પોષકતત્ત્વોને પ્રોત્સાહન આપવાની સાથે સાથે તેની ડિલીવરી, પહોંચ અને પરિણામને વધુ સુદઢ બનાવવા માટે કેન્દ્ર સરકાર **'પૂરક પોષણ કાર્યક્રમ'** અને **'પોષણ અભિયાન'**નું એકબીજામાં વિલીનીકરણ કરી 'મિશન પોષણ 2.0'નો પ્રારંભ કરશે.

- મિશન પોષણ 2.0 અંતર્ગત **દેશના 112 મહત્વાકાંક્ષી જિલ્લાઓમાં** પોષણના પરિણામો સુધારવા માટે વિવિધ વ્યૂહરચનાઓ અપનાવવામાં આવશે.

## પૂરક પોષણ કાર્યક્રમ

'પૂરક પોષણ કાર્યક્રમ'ને સંકલિત બાળ વિકાસ સેવા (ICDS) અંતર્ગત સંચાલિત કરવામાં આવે છે.

- આ કાર્યક્રમ અંતર્ગત બાળકો અને મહિલાઓ માટેની વિવિધ પોષણ યોજનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## પોષણ અંગેની ગુજરાત તથા કેન્દ્ર સરકારની કેટલીક યોજનાઓ

### સંકલિત બાળ વિકાસ યોજના

આ યોજના અંતર્ગત આંગણવાડી કેન્દ્ર મારફતે ગુજરાતના 60 લાખથી વધુ લાભાર્થીઓને પોષણ, આરોગ્ય તથા પૂર્વ પ્રાથમિક શિક્ષણલક્ષી સેવાનો લાભ મળી રહ્યો છે.

### પૂર્ણા યોજના

આ યોજના ગુજરાત સરકારની એક વિશિષ્ટ યોજના છે. **15 થી 18 વર્ષની કિશોરીઓમાં કુપોષણ દૂર કરવા** તથા **એનેમિયાની સ્થિતિના નિયંત્રણ** માટે આ યોજના શરૂ કરવામાં આવી છે. પૂર્ણા યોજનામાં **PURNA**નું પૂરુંનામ **'Prevention Of Under Nutrition And Reduction of Nutritional Anaemia among Adolescents'** છે.

### સત્ત્વ

સાત્વિક આહાર થકી સગર્ભા મહિલાઓ, ધાત્રી માતાઓ, કિશોરીઓને પોષણ આપવા માટે ગુજરાત સરકાર દ્વારા આ યોજના અંતર્ગત **આયર્ન** અને **આયોડીનયુક્ત ડબલ ફોર્ટીફાઈડ મીઠું**, **ફોર્ટીફાઈડ લોટ**નું વિતરણ કરવામાં આવશે.

### ટેક હોમ રાશન (THR)

બાળકો અને મહિલાઓને પોષણ મળી રહે તે માટે આ યોજના અંતર્ગત આંગણવાડીમાં ન આવતા હોય તેવા 6 માસથી 3 વર્ષ સુધીના બાળકો, સગર્ભા, ધાત્રીમાતાઓ તથા કિશોરીઓ ઘરે લઈ જઈ શકે તે માટે આહાર ટેક હોમ રાશન (THR) આંગણવાડી કેન્દ્ર સુધી પહોંચાડવામાં આવશે.

- આ ગુણવત્તાસભર તથા સૂક્ષ્મ પોષક તત્ત્વોસભર ટેક હોમ રાશન બાળકોના મનપસંદ સ્વાદમાં તૈયાર કરવામાં આવશે.

### દૂધ સંજીવની યોજના

આ યોજના અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા **આદિજાતિ મહિલા** તેમજ બાળકોને કુપોષણમાંથી મુક્ત કરવા માટે **પેશ્ચુરાઈઝડ ફ્લેવર્ડ ફોર્ટીફાઈડ દૂધ** આપવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. તાજેતરમાં 'પોષણ પખવાડિયા' ની ઉજવણી કયા સમયગાળા દરમિયાન કરવામાં આવી છે ?

(A) 14 થી 28 ફેબ્રુઆરી (B) 16 થી 31 માર્ચ

(C) 16 થી 31 જાન્યુઆરી (D) 1 થી 15 માર્ચ (B)

2. 'પોષણ મહિના' તરીકે ઉજવણી કયા મહિના દરમિયાન કરવામાં આવે છે ?

(A) ઓગસ્ટ (B) જૂન (C) જૂલાઈ (D) સપ્ટેમ્બર (D)

3. નીચે આપેલા વિધાનોમાંથી સાચાં વિધાનો જણાવો ?

1. પોષણ પખવાડિયા 2021નો મુખ્ય ઉદ્દેશ ફૂડ ફોરેસ્ટ્રીનો ઉપયોગ કરીને પોષક પડકારોને દૂર કરવા અને પોષણ પંચાયતોનું આયોજન કરવાનો છે.
2. POSHANનું પૂરું નામ 'Prime Minister's Overarching Scheme for Holistic Nutrition' છે.
3. પોષણ અભિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજસ્થાનના ઝૂનઝૂનું ખાતેથી 8 માર્ચ, 2018ના રોજ લોન્ચ કર્યું હતું.
4. કેન્દ્રીય બજેટ 2021-22 અંતર્ગત પોષક તત્ત્વોને પ્રોત્સાહન આપવાની સાથે સાથે વધુ સુદઢ બનાવવા માટે કેન્દ્ર સરકાર 'પૂરક પોષણ કાર્યક્રમ' અને 'પોષણ અભિયાન'નું એકબીજામાં વિલીનીકરણ કરી 'મિશન પોષણ 2.0 નો પ્રારંભ કરશે.

(A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 1, 2, 4 (D) 1, 2, 3 (A)

4. નીચે આપેલા વિધાનોમાંથી સાચાં વિધાનો જણાવો ?

1. 'પૂરક પોષણ કાર્યક્રમ'ને સંકલિત બાળ વિકાસ સેવા (ICDS) અંતર્ગત સંચાલિત કરવામાં આવે છે.
2. પૂર્ણા યોજનાએ 15 થી 18 વર્ષની કિશોરીઓમાં કુપોષણ દૂર કરવા તથા એનેમિયાની સ્થિતિના નિયંત્રણ માટે શરૂ કરવામાં આવેલી છે.
3. સત્ત્વ યોજના અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા આયર્ન અને આયોડીનયુક્ત ડબલ ફોર્ટીફાઈડ મીઠું, ફોર્ટીફાઈડ લોટનું વિતરણ કરવામાં આવે છે.
4. દૂધ સંજીવની યોજના અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા આદિજાતિ મહિલા તેમજ બાળકોને કુપોષણમાંથી મુક્ત કરવા માટે પેશ્ચુરાઈઝડ ફ્લેવર્ડ ફોર્ટીફાઈડ દૂધ આપવામાં આવે છે.

(A) 2, 3, 4 (B) 1, 2, 3 (C) 1, 2, 4 (D) 1, 2, 3, 4 (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 27 માર્ચ, (1) વિશ્વ રંગભૂમિ દિવસ (World Theatre Day)
## (2) અર્થ અવર (Earth Hour)

### વિશ્વ રંગભૂમિ દિવસ (World Theatre Day)

**'વિશ્વ રંગભૂમિ દિવસ'**ની ઉજવણી દર **વર્ષે 27 માર્ચ**ના રોજ કરવામાં આવે છે.

- 27 માર્ચને વિશ્વ રંગભૂમિ દિવસના રૂપે ઉજવવાની શરૂઆત વર્ષ 1961માં ઈન્ટરનેશનલ થિયેટર ઈન્સ્ટિટયૂટ (ITI) દ્વારા કરવામાં આવી હતી.
- વિશ્વના અનેક નાટક પ્રેમીઓ અને કલાકારો દ્વારા દર વર્ષે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- પ્રથમ વર્લ્ડ થિયેટર દિવસનું આયોજન વર્ષ 1962માં ફિનલેન્ડના હેલસિન્કી ખાતે કરવામાં આવ્યું હતું.

### અર્થ અવર (Earth Hour)

અર્થ અવરએ વિશ્વવ્યાપી જન આંદોલન છે જેનું આયોજન દર વર્ષે **'World Wide Fund for Nature' (WWF)** દ્વારા કરવામાં આવે છે.

- સામાન્ય રીતે, અર્થ અવરનું આયોજન **માર્ચ મહિનાના છેલ્લા શનિવારે** કરવામાં આવતું હોય છે.
- વર્ષ 2020માં આ દિવસનું આયોજન 28 માર્ચના રોજ કરવામાં આવ્યું હતું, જ્યારે વર્ષ 2021માં આ દિવસનું આયોજન 27 માર્ચના રોજ કરવામાં આવ્યું છે.
- આ દિવસની ઉજવણીના ભાગરૂપે ઊર્જા બચત માટે દરેક દેશમાં સ્થાનિક સમય **રાત્રીના 8 : 30 થી 9:30**ની વચ્ચે ઘર, ઓફિસો તેમજ અન્ય જગ્યાઓ પર વિદ્યુતનો ઉપયોગ બંધ કરવામાં આવે છે.
- તેનો અર્થ ઊર્જા પ્રતિ લોકોની જાગરૂકતા વધારવાનો તેમજ વીજળીનો પ્રયોગ સમજદારી પૂર્વક કરવાનો છે.
- 'અર્થ અવર'ની પરંપરા **વર્ષ 2007**થી શરૂ કરવામાં આવેલી છે.
- **વર્ષ 2021**ની અર્થ અવરની થીમ **'Climate Change to Save Earth'** છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## રશિયાએ જાયન્ટ સ્પેસ ટેલિસ્કોપ 'બૈકલ GVD'ને બૈકલ તળાવમાં તૈનાત કર્યું

રશિયન વૈજ્ઞાનિકોએ તાજેતરમાં દુનિયાના સૌથી મોટા એવા પાણીની નીચે કાર્ય કરતા હોય એવા જાયન્ટ સ્પેસ ટેલિસ્કોપને બૈકલ તળાવમાં તૈનાત કર્યું છે.

### ડીપ અંડરવોટર ટેલિસ્કોપ

આ ડીપ અંડરવોટર ટેલિસ્કોપના નિર્માણની કામગીરી વર્ષ 2015થી શરૂ કરવામાં આવી હતી.

- આ ટેલિસ્કોપને **'ન્યૂટ્રિનો'** નામના સૌથી નાના જાણીતા કણોના નિરીક્ષણ માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે.
- આ ટેલિસ્કોપને **'બૈકલ-GVD'** એવું નામ આપવામાં આવ્યું છે.
- આ ટેલિસ્કોપ બૈકલ તળાવની 750-1,300 મીટરની ઊંડાઈ પર કાર્ય કરી શકે છે.
- દક્ષિણ ધ્રુવના એન્ટાર્કટિક બરફની નીચે આવેલા અમેરિકન રિસર્ચ સ્ટેશનના હરીફ તરીકે આ ઓબ્ઝર્વેટરીને જોવામાં આવી રહી છે.

## બૈકલ તળાવ

બૈકલ તળાવએ રશિયાના દક્ષિણ સાઈબિરિયામાં આવેલું છે.

- તે પાણીના જથ્થાની દ્રષ્ટિએ વિશ્વનું સૌથી મોટું તાજા પાણીનું તળાવ છે.
- આ તળાવ વિશ્વનું સૌથી ઊંડું તળાવ છે જેની મહત્તમ ઊંડાઈ 1,642 મીટર જેટલી છે.
- તે વિશ્વનું સૌથી જૂનું તળાવ પણ છે.
- વર્ષ 1996માં આ તળાવનો યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

# ઈટાલીનું ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA)માં જોડાણ

કેન્દ્રીય વિદેશ મંત્રાલયે જાહેર કર્યું છે કે ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA)માં સમાવિષ્ટ થવા માટે ઈટાલીએ 17 માર્ચ, 2021ના રોજ ભારત સાથે સમજૂતીપત્ર પર હસ્તાક્ષર કર્યા છે.

## ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA) વિશે

ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA) સૌર ઊર્જા પર આધારિત 121 દેશોનું સહયોગ સંગઠન છે.

- જેનો શુભારંભ ભારત અને ફ્રાંસ દ્વારા 30 નવેમ્બર, 2015ના રોજ ફ્રાંસના પેરિસમા કરવામાં આવ્યો હતો.
- આ આંતરરાષ્ટ્રીય સંસ્થાની સ્થાપના અંગેની પહેલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌપ્રથમ નવેમ્બર, 2015માં લંડનના વેંબલી સ્ટેડિયમમાં તેના ઉદ્દબોધન દરમિયાન કરી હતી.
- ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA)નું મુખ્યમથક હરિયાણાના ગુરૂગ્રામ ખાતે આવેલું છે.
- ISAના વર્તમાન ડિરેક્ટર જનરલ ડો. અજય માથુર છે.
- આ સંગઠન કર્ક રેખા (Tropic of Cancer) અને મકર રેખા (Tropic of Capricorn)ની વચ્ચે આવેલા દેશોને એક મંચ પર લાવશે.
- કર્ક રેખા અને મકરરેખા વચ્ચે આવેલા દેશોમાં સૌર ઊર્જાની ઉપલબ્ધતા વિપુલ પ્રમાણ છે.
- આ સંગઠનના સ્થાપનાનો હેતુ સ્વચ્છ ઊર્જા, ટકાઉ વાતાવરણ, જાહેર પરિવહન અને આબોહવાને સમર્થન આપવા માટે તમામ રાષ્ટ્રોને સાથે લાવવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ISAનું મુખ્યમથક

ISAનું મુખ્યમથક હરિયાણાના ગુરૂગ્રામમાં સ્થિત છે. જાન્યુઆરી 2016માં શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ શ્રી ફ્રેન્કોઈસ હોલાન્દેએ સંયુક્ત રીતે ISAના મુખ્યમથકનો પાયો નાખ્યો હતો.

- ISAનું મુખ્યમથક ગુરૂગ્રામ ખાતે આવેલા ગ્વાલ પહરીના નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોલાર એનર્જી (NISE)ના કેમ્પસ ખાતે સ્થાપવામાં આવ્યું છે.
- આ મુખ્યમથક સ્થાપવાના હેતુસર ભારત સરકારે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોલાર એનર્જી (NISE)ના કેમ્પસમાં 5 એકર જમીન ફાળવી હતી.

## વન સન વન વર્લ્ડ વન ગ્રીડ (OSOWOG) વિશે

ISAએ 'વન સન વન વર્લ્ડ વન ગ્રીડ' નામની ભારતની વૈશ્વિક વિદ્યુત ગ્રીડ યોજનાને લાગુ કરવા માટેની નોડલ એજન્સી છે.

- આ યોજના દ્વારા બીજા પ્રદેશોની વીજળીની માંગને પહોંચી વળવા માટે સૌર ઊર્જા મદદરૂપ થશે.
- વન સન વન વર્લ્ડ વન ગ્રીડ વિઝન હેઠળ, ભારતનું લક્ષ્ય વૈશ્વિક સ્તર પર સૌર વીજળી ગ્રીડનો તબક્કાવાર વિકાસ કરવાનું છે.
- તેનાથી ઓછા ખર્ચે તેમજ શૂન્ય પ્રદૂષણ સાથે વીજળી ઉત્પન્ન કરવામાં મદદ મળશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ISA વર્લ્ડ સોલાર બેંક શરૂ કરશે

ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ નવેમ્બર, 2021માં સ્કોટલેન્ડના ગ્લાસ્ગો ખાતે યોજાનારી યુનાઈટેડ નેશન્સ ક્લાઈમેટ ચેન્જ કોન્ફરન્સમાં વર્લ્ડ સોલાર બેંક (WSB)ની સ્થાપના કરવાનું આયોજન કરી રહયું છે.

- ગ્લાસ્ગો ખાતે યોજાનારી COP-26માં ગ્રીન ફાયનાન્સ પર વધુ ભાર મૂકવામાં આવશે તેથી વર્લ્ડ સોલાર બેંકની સ્થાપના ખૂબ મહત્ત્વપૂર્ણ રહેશે.
- વર્લ્ડ સોલાર બેંકનું મુખ્યમથક ભારતમાં સ્થાપિત થવાની સંભાવના છે.
- WSBએ આગામી 10 વર્ષમાં ISAના સભ્યદેશોને આશરે 50 અબજ ડોલરનું વિતરણ કરવાની યોજના ધરાવે છે.

1. દર વર્ષે 'વિશ્વ રંગભૂમિ દિવસ'ની ઉજવણી કયારે કરવામાં આવે છે ?
(A) 27 માર્ચ (B) 28 માર્ચ (C) 25 માર્ચ (D) 26 માર્ચ **(A)**

2. વર્ષ 2021માં 'અર્થ અવર'ની ઉજવણી કયારે કરવામાં આવી હતી ?
(A) 26 માર્ચ (B) 25 માર્ચ (C) 27 માર્ચ (D) 28 માર્ચ **(C)**

3. અર્થ અવરનું આયોજન સામાન્ય રીતે દર વર્ષે કયારે કરવામાં આવે છે ?
(A) માર્ચ મહિનાના ત્રીજા શનિવારે (B) માર્ચ મહિનાના છેલ્લા શનિવારે
(C) માર્ચ મહિનાના ત્રીજા શુક્રવારે (D) માર્ચ મહિનાના છેલ્લા શુક્રવારે **(B)**

4. વર્ષ 2021ની અર્થ અવરની થીમ જણાવો ?
(A) Climate change to save Earth
(B) Climate Action and Sustainable Development
(C) Climate Action Agenda 2030
(D) Climate Action for health **(A)**

5. તાજેતરમાં કયા દેશ દ્વારા જાયન્ટ સ્પેસ ટેલિસ્કોપ 'બૈકલ GVD'ને બૈકલ તળાવમાં તૈનાત કરવામાં આવ્યું છે ?
(A) ઈરાન (B) યુક્રેન (C) રશિયા (D) સ્પેન **(C)**

6. નીચે આપેલા વિધાનોમાંથી સાચાં વિધાનો જણાવો ?
1. 'બૈકલ GVD' નામના ટેલિસ્કોપને રશિયા દ્વારા 'ન્યૂટ્રિનો' નામના સૌથી નાના જાણીતા કણોના નિરીક્ષણ માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે.
2. 'બૈકલ GVD' નામનું ટેલિસ્કોપ બૈકલ તળાવની 750-1300 મીટરની ઊંડાઈ પર કાર્ય કરવા સક્ષમ છે.
3. બૈકલ તળાવએ પાણીના જથ્થાની દ્રષ્ટિએ વિશ્વનું સૌથી મોટું તાજા પાણીનું તળાવ છે.
(A) 1, 2 (B) 2, 3 (C) 1, 3 (D) 1, 2, 3 **(D)**

7. તાજેતરમાં કયો દેશ ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA)માં જોડાયો છે ?
(A) ઈટાલી (B) પપુઆ ની ગિનીયા
(C) માડાગાસ્કર (D) ઓમાન **(A)**

8. ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA) વિશે સાચું / સાચાં વિધાન જણાવો ?
1. ISAનો શુભારંભ ભારત અને ફ્રાન્સ દ્વારા 30 નવેમ્બર, 2015ના રોજ ફ્રાન્સના પેરિસમાં કરવામાં આવ્યો હતો.
2. આ સંસ્થાની સ્થાપના અંગેની પહેલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરી હતી.
3. તેનું મુખ્યમથક હરિયાણાના ગુરૂગ્રામ ખાતે આવેલું છે.
4. આ સંગઠન કર્કરેખા અને મકરરેખાની વચ્ચે આવેલા દેશોને એક મંચ પર લાવવાનું કાર્ય કરી રહ્યું છે.
(A) 1, 2, 3 (B) 1, 2, 3, 4 (C) 2, 3, 4 (D) 1, 2, 4 **(B)**

9. ISA વર્લ્ડ સોલાર બેંકની સ્થાપના કયારે કરવામાં આવશે ?
(A) Cop-26 (B) Cop-27 (C) Cop-28 (D) Cop-29 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ગુજરાત

➤ **દેશમાં ગાયની 50 ઓલાદમાં ગુજરાતની 'ડગરી' ગાયનો સમાવેશ**

દેશમાં જુદાં–જુદાં પ્રાણીઓની નસ્લનું (બ્રીડ) રજીસ્ટ્રેશન કરાવવા માટેની કામગીરી નોડલ એજન્સી તરીકે ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ (ICAR) હસ્તકની હરીયાણાના કર્નાલ ખાતે આવેલ રાષ્ટ્રીય પશુ આનુવંશિક સંશોધન બ્યૂરો (નેશનલ બ્યૂરો ઓફ એનિમલ જેનેટિક રિસોર્સિસ) સંસ્થા કરે છે. આ માટે ગુજરાતની ગાયની ઓલાદ 'ડગરી'ની ભલામણ આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવી હતી. આ અંગે તમામ પાસાઓને તપાસીને બ્રિડ રજીસ્ટ્રેશન કમિટી દ્વારા 'ડગરી' ગાયને નવી નસ્લ તરીકે માન્યતા આપવામાં આવી છે. જેનો નોંધણી નંબર INDIA- CATTLE-0400DAGRI-03046 છે. ગુજરાતની આ ગાયની ચોથી નસ્લ છે. જેણે રાષ્ટ્રીય કક્ષાની માન્યતા પ્રાપ્ત કરી છે. આ અગાઉ ગીર, કાંકરેજ અને ડાંગી નામની ગાયોની ઓલાદોએ આ અંગેની માન્યતા પ્રાપ્ત કરેલી છે. ડગરી ગાય મુખ્યત્વે દાહોદ, પંચમહાલ અને છોટા ઉદેપુર જેવા જિલ્લાઓના પર્વતાળ પ્રદેશોમાં જોવા મળે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **ગુજરાતમાં 20 એકર જમીન પર ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્કિલની સ્થાપના કરાશે**

ગુજરાતમાં કેન્દ્ર સરકારના કૌશલ્ય વિકાસ અને ઉદ્યમશીલતા મંત્રાલય દ્વારા ટાટા એજ્યુકેશન ડેવલપમેન્ટ ટ્રસ્ટના સહયોગથી ગાંધીનગરના નાસ્મેદમાં રાજ્ય સરકારે ફાળવેલી 20 એકર જમીન પર ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્કિલ (IIS)ની સ્થાપના કરવામાં આવશે. જે રીતે મેનેજમેન્ટ ક્ષેત્ર માટે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (IIM) અને ટેક્નોલોજી ક્ષેત્ર માટે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (IIT) વિશ્વ પ્રસિદ્ધ છે. તેવી જ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્કીલ (IIS) કૌશલ્ય ક્ષેત્રે પ્રસિદ્ધિ મેળવશે. આ સંસ્થામાં દર વર્ષે ઓછામાં ઓછા 5000 વિદ્યાર્થીઓ ઉચ્ચ ગુણવત્તાયુક્ત તાલીમ મેળવશે.

## ભારત

### ➤ કેન્દ્રીય પ્રધાન શ્રી અનુરાગ ઠાકુરની ટેરિટોરિયલ આર્મીના કેપ્ટન તરીકે નિમણૂક

કેન્દ્રીય પ્રધાન શ્રી અનુરાગ ઠાકુર 10 માર્ચ, 2021ના રોજ પ્રાદેશિક સેના (Territorial Army)માં કેપ્ટન તરીકે નિમણૂક પામનાર પ્રથમ સાંસદ બન્યા છે. તેઓ હિમાચલપ્રદેશના હમીરપુરના લોકસભા સાંસદ છે. પ્રાદેશિક સેનાએ ભારતીય સેનાનું એક એકમ છે. તેના સ્વયંસેવકોને દર વર્ષે અમુક સમય માટે સૈનિક પ્રશિક્ષણ આપવામાં આવે છે આથી જરૂર પડવા પર દેશના સંરક્ષણ માટે તેમનો ઉપયોગ કરી શકાય.

### ➤ કેન્દ્ર સરકાર દ્વારા શ્રી જી.પી. સમંતાની ભારતના નવા મુખ્ય આંકડાશાસ્ત્રી તરીકે નિમણૂંક

કેન્દ્ર સરકારે મિનિસ્ટ્રી ઓફ સ્ટેટીસ્ટિક્સ એન્ડ પ્રોગ્રામ અંતર્ગત બે વર્ષના સમયગાળા માટે શ્રી જી.પી. સમંતાની ભારતના નવા મુખ્ય આંકડાશાસ્ત્રી તરીકે નિમણૂંક કરી છે. શ્રી જી.પી. સમંતા અત્યાર સુધી RBIના આંકડા અને માહિતી મેનેજમેન્ટ વિભાગમાં સલાહકાર હતા.

### ➤ જસ્ટિસ એન.વી. રમના દેશના 48મા મુખ્ય ન્યાયમૂર્તિ બનશે

દેશના વર્તમાન મુખ્ય ન્યાયાધીશ એસ.એ. બોબડેએ દેશના 48મા મુખ્ય ન્યાયાધીશ તરીકે જસ્ટિસ એન.વી. રમનાના નામની દરખાસ્ત કરી છે. મુખ્ય ન્યાયાધીશ એસ.એ. બોબડે 23 એપ્રિલના રોજ નિવૃત થવાના છે. નિયમ મુજબ દેશના મુખ્ય ન્યાયાધીશે પોતાની નિવૃતિ તારીખના એક મહિના અગાઉ નવા મુખ્ય ન્યાયમૂર્તિના નામની દરખાસ્ત કેન્દ્રીય કાયદા મંત્રાલયને પાઠવવાની રહે છે. કાયદા મંત્રાલયની મંજૂરી પછી દરખાસ્ત રાષ્ટ્રપતિને મોકલવામાં આવે છે. જસ્ટિસ એન.વી. રમના આંધ્રપ્રદેશ રાજ્યના વતની છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ ભારતીય સેનામાં લાંબા સમય સુધી સેવા આપનાર કેટાપુલ્ટ ગન્સ અને ટેમ્પેલા મોર્ટાર સેવા નિવૃત્ત

ભારતીય સેનામાં લાંબા સમય સુધી સેવા આપનાર આર્ટિલરી સિસ્ટમો જેવી કે 130 મી.મી.ની સેલ્ફ પ્રોપેલ્ડ M-46 કેટાપુલ્ટ ગન અને 160 મી.મી.ની ટેમ્પેલા મોર્ટાર તાજેતરમાં 16 માર્ચ, 2021ના રોજ રાજસ્થાનના મહાજન ફિલ્ડ ફાયરીંગ રેન્જ ખાતે સેવાનિવૃત્ત કરવામાં આવી હતી. વર્ષ 1981માં 27 કિ.મી.થી વધુ રેન્જ ધરાવતી 130 મી.મીની કેટાપુલ્ટ ગનને ભારતીય સેનામાં સેવારત કરવામાં આવી હતી. જ્યારે 9.6 કિ.મી. સુધીની રેન્જ ધરાવતી 160 મી.મી.ની ટેમ્પેલા મોર્ટારને વર્ષ 1962ના ભારત–ચીનના યુદ્ધ બાદ ભારતીય સેનામાં જોડવામાં આવી હતી.

➤ **નેશનલ સિક્યુરિટી ગાર્ડના ડિરેક્ટર જનરલ તરીકે શ્રી એમ.એ. ગણપતિની નિમણૂક**

સિનિયર IPS અધિકારી શ્રી એમ.એ. ગણપતિની તાજેતરમાં નેશનલ સિક્યુરિટી ગાર્ડના ડિરેક્ટર જનરલ તરીકે નિમણૂક કરવામાં આવી છે. શ્રી એમ.એ. ગણપતિ વર્ષ 1986ની બેચના ઉત્તરાખંડ કેડરના IPS અધિકારી છે. અને તેઓ વર્તમાનમાં બ્યૂરો ઓફ સિવિલ એવિયેશન સિક્યુરિટી (BCAS)માં ડિરેક્ટર જનરલ તરીકે સેવા આપી રહ્યાં છે.

➤ **સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સના નવા ડિરેક્ટર જનરલ તરીકે શ્રી કુલદીપ સિંઘની નિમણૂક**

સિનિયર IPS અધિકારી શ્રી કુલદિપ સિંઘની તાજેતરમાં 16 માર્ચ, 2021ના રોજ સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF)ના નવા ડિરેક્ટર જનરલ તરીકે નિમણૂક કરવામાં આવી છે. શ્રી કુલદિપ સિંઘ વર્ષ 1986ની બેચના પશ્ચિમ બંગાળ કેડરના IPS અધિકારી છે. શ્રી કુલદીપ સિંઘે CRPFના ડિરેક્ટર જનરલ તરીકે **શ્રી એ.પી. મહેશ્વરીનું સ્થાન** લીધું છે.

## વિશ્વ

➤ **સિંગાપોરમાં વિશ્વનું સૌથી મોટું તરતું સોલાર ફાર્મ**

સિંગાપોરમાં વિશ્વનું સૌથી મોટું તરતું સોલાર ફાર્મ બનાવવામાં આવી રહ્યું છે. આ પ્રોજેક્ટ સિંગાપોરની **સેમ્બકોર્પ ઈન્ડસ્ટ્રીઝ** દ્વારા તૈયાર કરવામાં આવી રહ્યો છે. નવીનીકરણીય ઊર્જાએ સિંગાપોર માટે એક પડકાર છે કારણ કે સિંગાપોરમાં હાઈડ્રો–ઈલેક્ટ્રિસિટી માટે બહુ જ ઓછી નદીઓ ઉપલબ્ધ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE Questions

- ગુજરાતમાં ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ સ્કિલની સ્થાપના કયા કરવામાં આવશે ? – ગાંધીનગરના નાસ્મેદ ખાતે
- ગુજરાતમાં ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ સ્કિલ (IIS)ની સ્થાપના કોના દ્વારા કરવામાં આવશે ?

  – કેન્દ્ર સરકારના કૌશલ્ય વિકાસ અને ઉદ્યમશીલતા મંત્રાલય દ્વારા ટાટા એજ્યુકેશન ડેવલપમેન્ટ ટ્રસ્ટના સહયોગથી
- તાજેતરમાં દેશમાં ગાયની 50 ઓલાદોમાં ગુજરાતની કઈ ઓલાદનો સમાવેશ કરવામાં આવ્યો છે ? – ડગરી ગાય
- ડગરી ગાય મુખ્યત્વે ગુજરાતમાં કયા જોવા મળે છે ?

  – દાહોદ, પંચમહાલ અને છોટા ઉદેપુર જેવા જિલ્લાઓના પર્વતાળ પ્રદેશોમાં
- ટેરિટોરિયલ આર્મીના કેપ્ટન તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી અનુરાગ ઠાકુરની
- ભારતના નવા મુખ્ય આંકડાશાસ્ત્રી તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી. જી.પી. સમંતાની
- દેશના વર્તમાન મુખ્ય ન્યાયાધીશ એસ.એ બોબડેએ દેશના 48માં મુખ્ય ન્યાયાધીશ તરીકે કોના નામની દરખાસ્ત કરી છે ? – જસ્ટિસ એન.વી. રમના
- ભારતીય સેનામાં લાંબા સમય સુધી સેવા આપનાર કેટાપુલ્ટ ગન્સ અને ટેમ્પેલા મોર્ટારને તાજેતરમાં કયા સ્થળ ખાતેથી સેવા નિવૃત્ત કરવામાં આવી હતી ? – રાજસ્થાનના મહાજન ફિલ્ડ ફાયરીંગ રેન્જ ખાતેથી
- નેશનલ સિક્યુરિટી ગાર્ડના ડિરેક્ટર જનરલ તરીકે તાજેરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?– શ્રી એમ.એ.ગણપતિ
- સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF)ના નવા ડિરેક્ટર જનરલ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? –શ્રી કુલદિપ સિંઘ
- વિશ્વનું સૌથી મોટું તરતું સોલાર ફાર્મ કયા દેશમાં બનાવવામાં આવી રહ્યું છે ? – સિંગાપોર

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# Question Of this Week

1. ભારતમાં સૌપ્રથમ કોગ્નેટિવ સાયન્સ કોર્સ શરૂ કરનાર સંસ્થાનું નામ જણાવો ? – IIT, ગાંધીનગર
(કોગ્નેટિવ સાયન્સએ માનવ મગજનો અભ્યાસ કરતું વિજ્ઞાન છે.)
2. તાજેતરમાં 'બ્રેન અવેરનેસ વીક' ની ઉજવણી ક્યારે કરવામાં આવી હતી ? – 15 માર્ચ થી 21 માર્ચ, 2021 દરમિયાન
3. સુશ્રી નિકહત ઝરીન એ કઈ રમત સાથે સંકળાયેલ છે ? – બોક્સિંગ
4. 'બેહા' નામનું ઈલેક્ટ્રિસિટી અને બાયોફ્યૂઅલ પર ચાલતું પ્લેન તાજેતરમાં કયા દેશમાં વિકસાવવામાં આવ્યું છે ? – બ્રિટન
5. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથે ચિત્રકૂટ ખાતે કયા ડેમોનું ઉદ્દઘાટન કર્યું હતું ? – રસિન ડેમ અને ચિલ્લીમલ ડેમ
6. કેન્દ્રીય શ્રમ મંત્રાલયે તાજેતરમાં આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY) સાથે કઈ યોજનાના જોડાણ અંગેની જાહેરાત કરી હતી ? – Employee's State Insurance Scheme
7. ફ્રાન્સ દ્વારા તેના ઉપગ્રહો અને અન્ય સુરક્ષા ઉપકરણોની રક્ષા કરવા માટે પ્રથમ સૈન્ય અભ્યાસનું આયોજન કરવામાં આવ્યું છે, તેનું નામ જણાવો ? – ASTERX
8. અમેરિકા કયા કાર્યક્રમ દ્વારા વર્ષ 2024 સુધીમાં ચંદ્રની મુલાકાત લેવાની યોજના બનાવી રહ્યું છે ? – આર્ટેમિસ
9. ભારત દ્વારા તાજેતરમાં કયા દેશને 10 અત્યાધુનિક રેલવે પેસેન્જર કોચ આપવામાં આવી ? – શ્રીલંકા
10. તાજેતરમાં ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી (IOC)ના પ્રેસિડન્ટ તરીકે કોણ ફરીથી ચૂંટાઈ આવ્યા છે ? – શ્રી થોમસ બાક
(શ્રી થોમસ બાક ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટિના પ્રેસિડેન્ટ તરીકે ફરીથી ચાર વર્ષ માટે ચૂંટાઈ આવ્યા છે.)
11. રાષ્ટ્રીય સહકારી આગેવાન શ્રી ઘનશ્યામભાઈ અમીનની જીવનગાથા પર આધારિત કયા પુસ્તકનું વિમોચન તાજેતરમાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું ? – કલ્યાણપથના કર્મયોગી
( શ્રી ઘનશ્યામભાઈ અમીન ધી ગુજરાત સ્ટેટ કો. ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન લિમિટેડના ચેરમેન અને ગુજરાત રાજ્ય સહકારી સંઘના અધ્યક્ષ છે.)
12. તાજેતરમાં કયા રાજ્ય દ્વારા જાહેર માર્ગો પર ધાર્મિક સ્થાપત્યો દૂર કરવા અથવા બાંધકામની મંજૂરી નહીં આપવા અંગે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું ? – ઉત્તરપ્રદેશ
13. તાજેતરમાં નીતિ આયોગ દ્વારા ખાનગીકરણ માટે કેટલા પબ્લિક સેક્ટર અંડરટેકિંગ્સ (PSUs)ની પ્રથમ યાદી જાહેર કરવામાં આવી હતી ? – 12

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

14. તાજેતરમાં ચીન દ્વારા તેના દેશની કેટલામી પંચવર્ષીય યોજનાને ઔપચારિક મંજૂરી આપવામાં આવી છે ? – 14 મી
(14મી પંચવર્ષીય યોજના અંતર્ગત ચીન બ્રહ્મપુત્રા અથવા યાર્લુન્ગ ઝાંગ્બો નદી ઉપર તિબેટમાં પ્રથમ હાઈડ્રો પાવર ડેમનું નિર્માણ કરશે. તેમજ ભારતની સરહદ નજીક સિચુઆન–તિબેટ રેલવે લાઈનનું નિર્માણ પણ કરશે.)

15. તાજેતરમાં કયા ક્ષેત્રને 'LGBT ફ્રીડમ ઝોન' તરીકે જાહેર કરવામાં આવ્યો છે ? – યુરોપિયન યુનિયન

16. ઈસરોએ તાજેતરમાં કઈ એજન્સી સાથે ચંદ્ર ધ્રુવીય સંશોધન (Lunar Polar Exploration) પર સહકારની સમીક્ષા કરી હતી ? – જાપાન એરોસ્પેસ એક્સપ્લોરેશન એજન્સી (JAXA)
(ભારત અને જાપાનની સ્પેસ એજન્સીઓએ આ દરમિયાન 'Space Situational Awareness And Professional Exchange Programme'માં સહયોગ અંગેની તકો શોધવા માટે પણ સંમતિ દર્શાવી હતી. જાપાન અને ભારત અગાઉથી Joint Lunar Polar Exploration Mission (LUPEX) પર કાર્ય કરી રહ્યા છે. બંને એજન્સીઓ આ મિશન પર કાર્ય કરી રહી છે અને વર્ષ 2024 સુધીમાં ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર લેન્ડર અને રોવર મોકલવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

17. કયા બે દેશો સાથે મળીને બ્રાઉન કોલસામાંથી હાઈડ્રોજનનું ઉત્પાદન કરશે ? – જાપાન અને ઓસ્ટ્રેલિયા
(બ્રાઉન કોલએ 'લિગ્નાઈટ' તરીકે પણ ઓળખાય છે. તે એક નરમ, ભૂરો, જ્વલનશીલ અને કાંપવાળો ખડક છે. આ કોલસામાં લગભગ 25 થી 35 ટકા જેટલા કાર્બન તત્ત્વોનો સમાવેશ થાય છે. )

18. તાજેતરમાં બ્રહ્માકુમારીના મુખ્ય પ્રશાસકશ્રીનું નિધન થયું છે, તેઓનું નામ જણાવો ? – સુશ્રી દાદી હયદય મોહિનીજી

19. તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા 'ભારત ઈ–માર્કેટ' મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી છે ?
– કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (CAIT)

20. તાજેતરમાં દિલ્હીમાં ઉપરાજ્યપાલનું કદ અને સત્તા વધારતું કયું બિલ લોકસભામાં પસાર કરવામાં આવ્યું છે ?
– ગવર્નમેન્ટ ઓફ નેશનલ કેપિટલ ટેરિટરી ઓફ દિલ્હી (અમેન્ડમેન્ટ) બિલ, 2021
(કેન્દ્ર સરકારે ગવર્નમેન્ટ ઓફ નેશનલ કેપિટલ ટેરિટરી ઓફ દિલ્હી એક્ટ, 1991માં સુધારો કરીને ગવર્નમેન્ટ ઓફ નેશનલ કેપિટલ ટેરિટરી ઓફ દિલ્હી (એમેન્ડમેન્ટ) બિલ, 2021 લોકસભામાં રજૂ કર્યું હતું. આ બિલ દ્વારા દિલ્હીમાં ચૂંટાયેલી સરકાર અને લેફ્ટનન્ટ ગવર્નર (LG)ની જવાબદારીઓની વધુ વ્યાખ્યા કરવામાં આવશે. )

21. શ્રી દિવ્યાંશ સિંહ પવાર તથા સુશ્રી ઈલોવેનિલ વલારિવાન એ કઈ રમત સાથે સંકળાયેલ છે ? – શૂટિંગ

22. લોકસભામાં તાજેતરમાં વીમા સુધારણા બિલ પસાર થયું છે. આ અંતર્ગત વીમા ક્ષેત્રમાં વિદેશી સીધા રોકાણ (FDI)ની મર્યાદા જે 49 ટકા હતી તે વધીને કેટલા ટકા થઈ છે ? – 74 ટકા

23. રોડ સેફ્ટી વર્લ્ડ સિરીઝ ટી–20 ક્રિકેટ ટૂર્નામેન્ટનું ટાઈટલ કયા દેશ દ્વારા તાજેતરમાં જીતવામાં આવ્યું છે ? – ભારત
(રોડ સેફ્ટી વર્લ્ડ સિરીઝ ટી–20 ક્રિકેટ ટૂર્નામેન્ટની પ્રથમ સિઝનમાં ફાઈનલ મેચમાં ભારતે શ્રીલંકાને પરાજય આપ્યો

હતો. ઈન્ડિયા લિજેન્ડસ ટીમના કેપ્ટન શ્રી સચિન તેંદુલકર હતા.)

24. તાજેતરમાં પૃથ્વીના કયા ધ્રુવ ઉપર અંતરિક્ષમાં ચક્રવાતી તોફાન સક્રિય બન્યું હતું ? – ઉત્તર ધ્રુવ

25. દેશની ઈ–કોમર્સ પોલિસી કોના દ્વારા તૈયાર કરવામાં આવી હતી ?

– ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટર્નલ ટ્રેડ (DPIIT)

26. ચીનના ઉત્તર–પશ્ચિમ પ્રાંત જિન જિયાંગમાં ઉઈગર મુસ્લિમ સમુદાય પર અત્યાચાર અને માનવ અધિકારના ભંગ બદલ તાજેતરમાં ચીનના અધિકારીઓ પર કોના દ્વારા પ્રતિબંધો લાદવામાં આવ્યા હતા ? – યુરોપિયન યુનિયન

27. ફાગ્રાડલ્સ પર્વત જ્વાળામુખી કયા દેશમાં આવેલો છે ? – આઈસલેન્ડ

28. સંગે જ્વાળામુખી એ કયા દેશમાં આવેલો છે ? – ઈક્વાડોર

29. કાલાનમક રાઈસ ફેસ્ટિવલનું આયોજન તાજેતરમાં કયા રાજ્યમાં કરવામાં આવ્યું હતું ? – ઉત્તરપ્રદેશ

(કાલાનમક ચોખાએ ઉત્તરપ્રદેશના સિદ્ધાર્થનગર જિલ્લામાંથી જિઓગ્રાફીકલ ઈન્ડીકેશન (GI) ટેગ ધરાવે છે. તેને આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત 'વન ડિસ્ટ્રીકટ વન પ્રોડક્ટ' (ODOP) અંતર્ગત પસંદ કરવામાં આવેલ છે અને તેનું ઉત્પાદન કરવામાં આવે છે.)

30. નેશનલ કેપિટલ રિજન (NCR)માં હવાની ગુણવત્તા વ્યવસ્થાપન માટે કેન્દ્ર સરકારે કોની અધ્યક્ષતામાં પેનલની રચના કરી હતી ? – પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના ભૂતપૂર્વ સચિવ શ્રી એમ.એમ. કટ્ટીની અધ્યક્ષતામાં

31. તાજેતરમાં કેટલામી ગ્લોબલ આયુર્વેદ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું હતું ? – ચોથી

(ગ્લોબલ આયુર્વેદ ફેસ્ટિવલ અંતર્ગત ઈન્ટરનેશનલ આયુર્વેદ સેમિનારનું આયોજન 'Strenghthening Host Defence System-Ayurveda A Potential Promise' ની થીમ અંતર્ગત કરવામાં આવ્યું હતું. ઈન્ટરનેશનલ ડેલિગેટ એસેમ્બલીનું આયોજન 'Globalizing Ayurveda-Scope, Challanges and Solution' ની થીમ અંતર્ગત કરવામાં આવ્યું હતું. તેમજ ઈન્ટરનેશનલ બિઝનેસ મીટનું આયોજન 'Global Ayurveda Pharmacy Practice Possibilities And Policies' ની થીમ અંતર્ગત કરવામાં આવ્યું છે.)

32. તાજેતરમાં કઈ સંસ્થાએ એન્જિનિયરીંગના વિદ્યાર્થીઓ માટે ધોરણ 12માં ગણિત અને ભૌતિકશાસ્ત્ર જેવા વિષયો ફરજિયાત નથી એ અંગે જાહેરાત કરી હતી ? – All India Council for Technical Education (AICTE)

(AICTE એ તકનીકી શિક્ષણ માટેની રાષ્ટ્રીય કક્ષાની એક વૈધાનિક સંસ્થા (Statutory body) છે. તે કેન્દ્રીય શિક્ષણ વિભાગ હેઠળ કાર્યરત છે. આ કાઉન્સિલની સ્થાપના નવેમ્બર, 1945માં કરવામાં આવી હતી. તે શરૂઆતમાં સલાહકાર બોડી હતી. તેમજ વર્ષ 1987માં સંસદના કાયદા દ્વારા તેને વૈધાનિક દરજ્જો આપવામાં આવ્યો હતો.)

33. હરિયાણા સિવાય તાજેતરમાં અન્ય કયા રાજ્યએ ખાનગી ક્ષેત્રમાં 75% નોકરીઓ સ્થાનિક લોકો માટે અનામત રાખવા અંગે મંજૂરી આપી છે ? – ઝારખંડ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

34. ઈસરોએ તાજેતરમાં RH-560 નામના ધ્વનિ રોકેટને કયાંથી લોન્ચ કર્યું હતું ?

– આંધ્રપ્રદેશનાં શ્રી હરિકોટા રેન્જ ખાતે આવેલા સતીશ ધવન સ્પેસ સેન્ટર (SDSC) ખાતેથી

( RH-560 નામના રોકેટનો તટસ્થ હવાઓ અને પ્લાઝમા ગતિશીલતામાં 'એપ્ટિટયૂડિનલ વેરિયશન' નો અભ્યાસ કરવા માટે લોન્ચ કરવામાં આવ્યું છે.)

35. આઝાદીના 75 વર્ષ પૂરા થવા પર 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત ભારતના કયા 6 સ્થળોએ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું ? – જમ્મુ, ઈન્ફાલ, પટના, ભુવનેશ્વર, પૂણે અને બેંગાલુરૂ ખાતે

36. તાજેતરમાં કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ડો. હર્ષવર્ધન દ્વારા નેશનલ ઈન્સ્ટિટયૂટ ફોર રિસર્ચ ઈન એન્વાયર્નમેન્ટ હેલ્થ (NIREH) ના કેમ્પસનું ઉદ્દઘાટન કયા કરવામા આવ્યું હતું ?

– ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટયૂટ ઓફ મેડિકલ સાયન્સિઝ (AIIMS), ભોપાલ (મધ્યપ્રદેશ)

37. તાજેતરમાં ભારતના પ્રથમ મહિલા ન્યાયાધીશ સુશ્રી ઈન્દુ મલ્હોત્રાનો કાર્યકાળ પૂરો થયો છે, તેણી કયા ચૂકાદા માટે જાણીતા છે ? – શબરીમાલા કેસના ચૂકાદામાં તેમના મત માટે

38. સાઉદી અરેબિયાને પાછળ છોડીને તાજેતરમાં ભારતનો સૌથી મોટો ઓઈલ સપ્લાયર કયો દેશ બન્યો છે ? – અમેરિકા

39. તાજેતરમાં ઈન્ડિયન નેવલ શિપ (INS) જલાશ્વ દ્વારા કયા દેશના પોર્ટ અંજુઆન ખાતે 1,000 મેટ્રિક ટન ચોખાનો જથ્થો પહોંચાડવામાં આવ્યો છે ? – કોમોરોસ

40. કેન્દ્ર સરકારે તાજેતરમાં ભારતમાં પ્રવાસનને વધારવા માટે જાહેર કરેલા 'ઓઈ ઈન્ડિયા ટૂરિસ્ટ વિહીકલ્સ ઓથોરાઈઝેશન એન્ડ પરમિટ રૂલ્સ, 2021' ક્યારથી અમલમાં આવશે ? – 1 એપ્રિલ, 2021

41. માઈક્રોસોફ્ટ, એમેઝોન વેબ સિરીઝ અને ગૂગલની સાથે ભાગીદારીમાં કઈ કંપની નવી કલાઉડ આધારિત 5G રેડિયો સોલ્યુશનની સ્થાપના કરશે ? – નોકિયા

(5G રેડિયો સોલ્યૂશન્સ રેડિયો એકસેસ નેટવર્ક (RAN) તકનીકથી વિકસિત કરવામાં આવશે. RAN એ મોબાઈલ ટેલિકમ્યુનિકેશન સિસ્ટમનો એક ભાગ છે.)

42. નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે (NGT) તાજેતરમાં કયા રાજ્યમાં અનિયંત્રિત અને અવૈજ્ઞાનિક ખાણકામ અટકાવવા માટે 12 સભ્યોની બનેલી કમિટીની રચના કરી છે ? – મેઘાલય

43. સુશ્રી ચિંકી યાદવ કઈ રમત સાથે સંકળાયેલા છે ? – શૂટિંગ

44. ગુજરાત રાજ્યમાં કોરોના સંક્રમણનો વ્યાપ વધતા રાજ્ય સરકારે ત્રણ ' T' ની વ્યૂહરચના અપનાવી હતી. ત્રણ 'T' એટલે શું ? – ટેસ્ટિંગ– ટ્રેસિંગ–ટ્રિટમેન્ટ

45. ભારતીય રેલવેની એન્જિનિયરીંગ અજાયબી તરીકે કયા પુલને ઓળખવામાં આવે છે ? – ચિનાબ બ્રિજ

(ચિનાબ બ્રિજ ચિનાબ નદી ઉપર જમ્મુ અને કાશ્મીરમાં બનાવવામાં આવી રહ્યો છે. આ બ્રિજ નદીની સપાટીથી 359

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

મીટર ઊંચાઈ ઉપર બનાવવામાં આવી રહ્યો છે.)

46. તાજેતરમાં ઈન્ટર પાર્લામેન્ટ યુનિયન (IPU)ના અધ્યક્ષે ભારતની મુલાકાત લીધી હતી. તેઓનું નામ જણાવો ? – શ્રી દુઆર્તે પચેકો

( IPU વર્ષ 1889માં સ્થપાયેલી સૌથી જૂની અને સૌથી મોટી આંતરરાષ્ટ્રીય સંસદીય સંસ્થામાંની એક છે, જેમાં 179 થી વધુ સભ્યો છે. IPU એ વિશ્વવ્યાપી લોકશાહીને પ્રોત્સાહન આપે છે.)

47. રાજ્યસભાએ ભારતમાં બે ફૂડ ટેકનોલોજી સંસ્થાઓની સ્થાપનાને મંજૂરી આપી છે. આ બે સંસ્થાઓની સ્થાપના કયા કરવામાં આવશે ? – (1) હરિયાણાના કુંડલી ખાતે અને (2) તમિલનાડુના થંજાવુર ખાતે

48. તાજેતરમાં શ્રી લક્ષ્મણ પાઈનું ગોવા ખાતે નિધન થયુ છે, તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ? –ચિત્રકલા

49. તાજેતરમાં શ્રી ચેમનચેરી કુન્હીરમન નાયરનું નિધન થયું છે, તેઓ કઈ નૃત્ય શૈલી માટે પ્રખ્યાત હતા ? – કથકલી

50. ભારતીય કંપનીઓ વિપ્રો અને ટેક મહિન્દ્રા કયા દેશ સાથે મળીને 5G અને 6G ટેક્નોલોજીઓ વિકસાવવા સહયોગ કરશે ? – ફિનલેન્ડ

51. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતાવાળી કેન્દ્રીય કેબિનેટે તાજેતરમાં કયા દેશ સાથે રમત–ગમત અને યુવા બાબતોમાં સહયોગ અંગેના સમજૂતી પત્રને મંજૂરી આપી છે ? – માલદીવ

52. સુએજ કેનાલએ કયા બે સમુદ્રોને જોડે છે ? – રાતા સમુદ્ર અને ભૂમધ્ય સમુદ્ર

(સુએજ કેનાલએ 193.3 કિ.મી.ની લંબાઈ ધરાવે છે. સુએજ નહેરએ ઈજીપ્ત પાસેથી પસાર થતી માનવનિર્મિત નહેર છે. ફ્રાન્સના એન્જિનિયર શ્રી ફર્દિનાન્દ દે લેસેપ્સની દેખરેખમાં સુએજ કેનાલનું નિર્માણ કાર્ય વર્ષ 1858માં શરૂ થયું હતું. અને વર્ષ 1869માં તેનો જળમાર્ગ તરીકે ઉપયોગ શરૂ થયો હતો.)

53. ઢેબરિયા મેળાનું આયોજન કયા કરવામાં આવે છે ? – પાલિતાણા

54. બાંગ્લાદેશની આઝાદીના 50 વર્ષની ઉજવણીના ભાગરૂપે મુખ્ય અતિથી તરીકે કોણ ઉપસ્થિત રહ્યા હતા ?

– શ્રી નરેન્દ્રભાઈ મોદી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT